॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥



સત્યં વદ



ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજ

વર્ષ ૪૬ સંવત ૨૦૮૦ પોષ ફેબ્રુઆરી- ૨૦૨૪ અંક - ૨











પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીના ૧૪૩ મો નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે માગશર વદ-૬ ને મંગળવારના રોજ  પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતા તેમજ મહામંડલેશ્વર, સંતો તેમજ માધવ પરિવારના સેવકસમુદાયની હાજરીમાં પીપરીયા ગામે શોભાયાત્રા નીકળી હતી.

**સંપર્ક : ગોરધનભાઈ – ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષ: ૪૬ / ફેબ્રુઆરી – ૨૦૨૪ / અંક–૨

## અનુક્રમણિકા


૦૪ શ્રીમદ્ ભાગવત કથામૃત
કૃષ્ણાબેન એ. બેલડિયા

૦૮ અલ્પબુદ્ધિ
હંસાબેન બી. ગોપાણી

૦૯ મકર સંક્રાંતિ
પીનલ એચ. ડોંડા

૧૦ જટાસુરનો વધ
મહાભારત

૧૨ સૌગન્ધિક વનમાં પહોંચ્યા પછી...
મહાભારત

૧૫ આત્મા એક અદ્વૈત છે.
કૃષ્ણાબેન જી. સવાણી

૧૯ સ્વામીશ્રી અખંડાનંદ સાગર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી માધવ ગુરૂકુળ - પત્રો
જયદીપ તવેથીયા

૨૧–૨૨ સત્સંગ સમાચાર


॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક,
વરાછા, સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ

**: સંપાદક (Editor) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

**વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૪૫ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.**


**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | - |
| સહાયક | ૩૦૦૦ | - |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |


કૃષ્ણાબેન એ. બેલડિયા
(વલ્લભીપુર)

**પરમ પૂજ્ય બ્રહ્મલીન પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્ય કથિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણ**

(ગતાંકથી ચાલુ)

**म्रियमाणो हरेर्नाम गृणन् पुत्रोपचारितम् ।**
**अजामिलोऽप्यगाद्धाम किं पुनः श्रद्धया गृणन् ॥**
૬-૨-૪૯॥

શુકદેવજી કહે છે, ''હે રાજન! મરતા વખતે કેવલ પુત્રનું નામ નારાયણ હતું. છતાંય નારાયણનું નામ લેવાથી અજામિલ ધીરે ધીરે પરમાત્માનાં ધામમા ગયો.'' જે મનુષ્ય શ્રદ્ધાથી ભગવાનનું નામ લે એનો બેડો પાર થાય એમાં કહેવાનું જ શું ? એટલે હંમેશાં ભગવાનનું નામ સ્મરણ હાલતાં-ચાલતાં, બેઠતાં-ઉઠતાં કરવું. એમાં કંઈ પૈસા લાગતા નથી ને કંઈ બળ પણ પડતું નથી. કંઈ ઘસાઈ જવાનું નથી. એટલા માટે ભગવાનનાં નામમાં નાણું લાગતું નથી. હંમેશાં જીવનું કલ્યાણ થાય છે.



**तस्मात् सङ्कीर्तनं विष्णोर्जगन्मङ्गलमंहसाम् ।**
**महतामपि कौरव्य विद्ध्यैकान्तिकनिष्कृतम् ॥**
૬-૩-૩૧॥

મનુષ્યને પાપમાંથી બચવાનો મુખ્ય વિષય છે. ભગવાનનું સંકીર્તન કર્યા કરવું. ભગવાનની કથા સાંભળ્યા કરે. ભગવાનનાં સારા વ્યવહારમાં હંમેશા રહ્યા કરે. તો જીવ સર્વ પાપોમાંથી બચી જાય. એમ અજામિલના ઉપાખ્યાન દ્વારા સુંદર પ્રસંગ બતાવીને આપણને સમજાવ્યું કે, ' ગમે તેવો પાપી હોય તો પણ જો ભગવાનનું નામ લે છે તો તમામ પાપોમાંથી છૂટીને સુંદર રીતે સુખી થઈ જાય છે.' પછી દક્ષ પ્રજાપતિનો પ્રસંગ બતાવતા કહે છે દક્ષ પ્રજાપતિને હર્યશ્વ નામના હજાર પુત્રો થયા. એ હજાર પુત્રો એકવાર ફરતા ફરતા નારાયણ સરોવરના કાંઠે કચ્છમાં ગયા. ત્યાં નારદજીનો સમાગમ થયો. નારદજીએ એનો ઉદ્ધાર કરવા માટે કહ્યું, ' હે બાળકો! તમે આ જગતમાં ફરો છો પણ તમને આ જગતમાં અંત ક્યાં છે? એ ખબર છે ? આમ ફરશો તો ક્યારે પાર આવશે ? તો ધ્યાનમાં રાખો તમને ખબર છે કે ક્યારે તમારો અંત આવશે ? ક્યારે ને કેટલીય વાર જન્મશો ? એટલા માટે આ જગતનો અંત તો જ્યારે ભગવાનનું ભજન કરે એને જ આવે. બીજા કોઈનો આવતો નથી. ઘાંચીના બળદની જેમ ફર ફર જ કરવું પડે.

**''તું જન્મ મરણ અવતાર, બહુ અવતરીયો રે,**
**તારો ના'વ્યો પંથનો પાર, ફેરા બહુ ફરીયો રે,**
**તારો જન્મારો વૃથા જાય, જીવ અભાગી રે,**
**તારું આયુષ્ય ઓછું થાય, જોને જાગી રે,**

જાગવું એટલે સમજવું. સાચા ખોટાનો વિવેક પ્રાપ્ત કરે એ જાગેલો કહેવાય.

**तथैकपुरुषं राष्ट्रं बिलं चादृष्टनिर्गमम् ।**
**बहुरूपां स्त्रियं चापि पुमांसं पुंश्चलीपतिम् ॥**
૬-૫-૭॥

**नदीमुभयतोवाहां पञ्चपञ्चाद्भुतं गृहम् ।**
**क्वचिद्धंसं चित्रकथं क्षौरपव्यं स्वयं भ्रमिम् ॥**
૬-૫-૮॥

**कथं स्वपितुरादेशमविद्वांसो विपश्चितः ।**
**अनुरूपमविज्ञाय अहो सर्गं करिष्यथ ॥**૬-૫-૯॥

નારદજી એ ઘણા પ્રશ્નો પૂછયા 'કે આ જગતમાં એક જ રાજા છે એવું જ્ઞાન છે તમને ? આ લોકોને એવી કંઈ ખબર ન હોતી.' પછી કહ્યું 'બંને તરફ

ચાલવાવાળી નદીને તમે જાણો છો? પૂંચલીપતિ એવી માયાને તમે જાણો છો ? આ પંચભૂતવાળા શરીરને તમે જાણો છો? ' એમ ઘણાય પ્રશ્નો નારદજીએ પૂછ્યા પેલા લોકોને આશ્ચર્ય થયું કે અમારે તો હજી ઘણું જાણવાનું બાકી છે. ત્યારે એણે વિચારીને કહ્યું, ''જ્યાં સુધી આ જ્ઞાન નથી ત્યાં સુધી ખોટા ખોટા અસત્ કર્મ કરવાથી પાપ થશે. પછી એણે નક્કી કર્યુ આ જગતમાં એક જ પરમાત્મા છે. જે આખા વિશ્વના માલીક છે. જેના વડે આ જગત થયું છે. જેના વડે આ જગત રહ્યું છે ને જેમાં આ જગત લીન થવાનું છે. એટલે 'આદિ અંતે એક જ રામ' આ જગતના માલીક પરમાત્મા એક જ છે ને આ 'માયા' જીવને અનેક રૂપમાં નાંખવાવાળી છે. કેમકે,

**''માયા છે મહા ઠગણી રે ઠગ વિદ્યા કરશે,**
**જ્ઞાન-ધ્યાન-ધન ધીરજ રે હેલામાં હરશે.''**

**દૃષ્ટાંત :** રાજકોટમાં એક ભાઈ ખૂબ પૈસાવાળા હતા. એને એક પત્ની મરી ગઈ. બીજી કરી તો બીજી મરી ગઈ. એટલે ત્રીજી કરી તો એ પણ મરી ગઈ. એટલે ચોથી કરવા તૈયાર થયા. એંસી વર્ષના થઈ ગયા હતા ભાઈ, તો પણ અમદાવાદમાં આવીને કહે 'મારે લગ્ન કરવા છે.' મિત્રોએ કહ્યું,'હવે લગ્ન ન કરાય. નોકર રાખવો હોય તો રાખો લગ્ન કરશો તો હેરાન થઈ જશો તમારું બધું જશે.' પણ મિત્રોનું ન માને તે જલ્દી દુઃખી થાય આ શેઠે અમદાવાદમાં જાહેર કર્યુ કે જે મારા લગ્ન ગોઠવી દે એને લાખ રૂપિયા દલાલી આપું ને કન્યાને નામે લાખ રૂપિયા જમા કરી દઉં. બધાને પૈસાનું જોર બતાવ્યું. તો દલાલો તો બધે ફરતા જ હોય ને એક દલાલે એક ગરીબને જોઈને કહ્યું, 'તારે નામે લાખ રૂપિયા આપશે તું તારી કન્યા એને દે. એ બહુ પૈસાવાળો છે. કન્યા સુખી થશે.' એટલે પેલો લોભમાં ગયો. કન્યાને કહ્યું તારા પૈસા પણ અહીંયા જમા કરી દેશું. ત્યાં તારા લઈ લે એના કરતાં અહીં જ જમા કરી દેશું. આ લોભમાં ને લોભમાં પચ્ચીસ વર્ષની કન્યાના લગ્ન એંસી વર્ષના વૃદ્ધની સાથે કરવામાં આવ્યા. લગ્ન થઈ ગયા. શેઠ રાજીને રેડ થઈને ઘેર આવ્યા. ને રાજકોટ ગયા ત્યારે પેલી સ્ત્રીને ખબર પડી કે આતો એંસી વર્ષનો ડોસો છે. ક્યારે આ મરી જાય એ કહેવાય નહીં. એટલા માટે એ તો રડવા લાગી. ચિંતા કરવા લાગી. એને રાત્રે ઉંઘ પણ ના આવે. શેઠે કહ્યું, 'તમે રડો છો કેમ ? અહીં કંઈ ખાવાની કમી છે ? તમને આ મોટર ન ગમતી હોય તો બીજી લાવી દઉં. કપડાં જેવા જોઈએ તેવા લાવી દઉં. સોનું -ઘરેણું જે જોઈએ તે લાવી દઉં.'' પેલી કન્યા કહે, 'જેની તાણ છે તે લાવી દો ને. તમારું આયુષ્ય વધારી દો ને. તો હું રોતી બંધ થઈ જાઉં.' તો બોલો કોઈ આયુષ્ય વધારી શકે એમ છે ? બંગલો બીજો બને, મોટર બીજી મળે, પણ આયુષ્ય વધારી શકાતું નથી. એ કોઈના હાથનું કામ નથી. એટલે શેઠ કહે આયુષ્ય વધારવું એ મારા હાથનું કામ નથી. એ પૈસાથી નથી મળતું. પૈસાની ચિંતામાં આયુષ્ય હોય એ વપરાય જાય છે. આયુષ્ય તો ભગવાનની કૃપા હોય તો વધે તો એ કહે તમે ભજન કરવા લાગો. પણ ભજન કોણ કરે ? પેલી સ્ત્રી વધારે ચિંતા કરવા લાગી એટલે શેઠે કહ્યુ,'તું ગમે તેમ કહે એમ કરું પણ તારું દુઃખ મટે એવું કર.' પેલી સ્ત્રી કહે કે, 'મારા નામે આ બધી સંપત્તિ કરી દો તો હું ચિંતા કરતી બંધ થાઉં.' કેમકે મને એ ચિંતા છે કે તમે મરી જાઓ પછી મને લોકો ભગાવી મૂકે તો મારે ક્યાં જવું ? એટલે ન રહુ ઘરની કે ન રહુ ઘાટની. જો તમારે મને ખુશ રાખવી હોય તો તમારી જે સ્થાઈ અસ્થાઈ જે સંપત્તિ છે એ મારે નામે કરી દો. તો હું આનંદથી રહુ.' પેલો શેઠ સમજ્યો કે, એમ તો એમ હવે આપોને આપણે હવે મરવાના જ છીએ ને! એટલે શેઠે બધી સંપત્તિનો દસ્તાવેજ કરી દીધો.હાથમાં બધી સત્તા આવી એટલે શેઠાણી તો બધાની માલિક બની ગઈ. પછી શેઠને કહે,'તમે આ ખુણે સુઈ રહો. હું જે નોકર રાખું એ રાખું તમારે કાંઈ બોલવાનું નહીં.' એટલે ફાવે એવો નોકર રાખે. ફાવે એવું કામ કરે ને શેઠને ખાટલામાં પડ્યા રહેવા દે. જ્યાં ફરવું હોય ત્યાં ફરવા જાય. જેમ મનમાં આવે એમ કરવા લાગી. એટલે શેઠ મુંઝાણાં કે મેં આને નામે બધું કરી દીધું એટલે એ મને દબાવે છે. એક દિવસ કહેવા લાગ્યા, 'શેઠાણી! સરખા રહો હજી હું દસ્તાવેજ ફેરવી

નાંખીશ.' એટલે શેઠાણી મુંઝાણા હજી તો એના હાથ જીવે છે ત્યાં સુધી કરી શકે. એટલે એણે નોકરને કહ્યું, 'આને જો તું મરાવી નાંખ તો હું તને લાખ રૂપિયા આપું.' પેલો નોકર કહે,'એને મરાય નહીં તમને એક ઉપાય બતાવું. એટલે લાકડી ભાંગે પણ નહીં ને સર્પ ચાલ્યો જાય, એવું કામ કરવું જોઈએ. એમ કરો કે આને કાશ્મીરમાં ફરવાની ટિકિટ લાવી આપો. સાથે બે મિત્રોને પણ મોકલો એની ટિકિટ પણ આપો. જ્યારે એ જાય પછી આપણેં મકાન દુકાન જમીનનાં દસ્તાવેજ લઈને મુબંઈ જતાં રહેશું. તો શેઠ મરે પણ નહીં ને બધી સંપત્તિ આપણા હાથમાં આવી જાય. જો એને મારશો તો એ ભૂત થઈને નડશે. અને પોલીસ પણ નડશે. એના સગાવ્હાલા પણ ભાગ માગશે. હેરાન થઈ જઈશું. એના કરતા કાશ્મીરમાં મોકલી દો ને બે મહીનામાં આપણે આ બધું વેચી કારવીને ચાલ્યા જઈશું. તમારા નામે દસ્તાવેજ છે એટલે તમે વેચી શકશો. તમારે એને પૂછવાની કંઈ જરૂર નથી.' શેઠાણીને સલાહ આપી શેઠાણી સમજી ગઈ. એટલા માટે પેલાને બે મહિના ફરવા માટે મોકલી દીધા. અહીં જે હતું તે બધું વેચી દીધું. બેંક બેલેન્સને બહારના બધા પૈસા લઈને જલ્દી મુંબઈ ભેગા થઈ ગયા. શેઠ યાત્રા કરીને જ્યાં ઘેર પાછા આવ્યા ત્યાં ઘર વેચાઈ ગયેલું. ઘરમાં જવા ગયા ત્યાં પેલાએ ના પાડી કે અંદર ન આવશો આ ઘર તમારી પત્ની વેચીને ચાલી ગઈ છે. જો આ દસ્તાવેજ. પણ શેઠ કહે, 'આ ઘર તો મારા બાપ-દાદાનું છે. એ કેમ વેચી શકે ?' પેલો કહે, 'તમે એને આપ્યું એટલે એણે વેચી દીધું. તમે માયાના મોહમાં ફસાઈ ગયા તેથી તમારું ગયું.'

પેલો કહે, 'બાપનું હતું ત્યારે હતું હવે બાપનું પણ નથી ને આપનું પણ નથી. ને હવે તમારી પત્નીનું પણ નથી. હવે તો આ પારકું ઘર થઈ ગયું. જો આવશો તો માર ખાવો પડશે. એટલે શેઠ પરાણે અંદર ગયા તો ડંડા માર્યા. એટલે પોલીસ પાસે ગયો પોલીસને કહે,'તમે તો ઓળખીતા છો. અમારા બાપ દાદાના ઘરમાં કોઈ ઘુસી ગયું છે. પોલીસ ત્યાં ગઈ તો તેણે કહ્યું,'અમે ઘુસ્યા નથી. અમે તો વેચાતું લીધું છે. જો આ દસ્તાવેજ છે. પોલીસને દસ્તાવેજ દેખાડયો. એટલે પોલીસ શેઠ પર ખીજાણી કે આ તો તમારી પત્નીએ વેચી દીધું છે, ને તમે કેમ પાછું માગો છો ? આ મકાન તો વેચાઈ ગયેલું છે. આમાં કંઈ તમારું નથી. અમને અહીં પહોચાડ્યા એના પૈસા આપો. નહીંતર તમને અમે પણ મારશું. તો યાત્રા કરવામાં થોડા વધ્યા હતા તે પોલીસને આપ્યા. હવે ખાવાનું શું રહ્યું ? બગીચામાં ગયા તો બગીચો નહીં. દુકાનમાં ગયા તો દુકાન પણ નહીં. બધું વેચાઈ ગયું. એટલે શેઠ ન રહ્યા ઘરના કે ન રહ્યા ઘાટના. તો પૈસા ગયા, પત્ની ગઈ અને સંપત્તિ પણ ગઈ. બધું ગયું શેઠ એકલા ખાલી રહ્યા. એનું કારણ કે વધારે મોહમાં ફસાઈ ગયા કેમકે... **''માયા છે મહા ઠગણી રે, ઠગ વિદ્યા કરશે''** હવે ઊંઘમાં છો કે જાગો છો ? દૃષ્ટાંત સમજી જવાય પણ સિદ્ધાંત સમજવો અઘરો છે. કઠિન છે.

**''જાગજે જાગજે જીવડાં જાગજે રે,**
**તારી મુડી મફતમાં જાય, તારું આયુષ્ય ઓછું થાય,**
**જાગજે જાગજે જીવડાં જાગ જે રે''**

હવે અંદરથી સમજો બરાબર કાયા છે એ રાણી છે ને આત્મા એ શેઠ છે. તો પેલા શેઠને તો ત્રણ પત્ની મળી ને ચોથી કરવા ગયો. આપણી કાયા રાણી કેટલીય ગઈ હશે એની ખબર નથી તોય હજી કાયા લેવી લેવી કરે છે. સંતો શાસ્ત્રો ના પાડે કે, 'હવે વારંવાર ગર્ભમાં ન જશો.' પણ તોય જીવો સંતોનું કહ્યું માનતા નથી. તો હજી અમારે જન્મવું છે. હજી અમારે લોચો લેવો છે. જીવો સંતોનું કહ્યું ન માને એટલે ફરીને પાછા શરીરમાં આવે. તો જીવો ભગવાનની પાસે માંગે, 'હે ભગવાન! મને કાયા રાણી આપો.' ભગવાને માયાથી કાયા બનાવી, આખું જગત ભગવાને માયાથી બનાવ્યું. એટલે ભજન ગાવામાં પહેલી શરમ છોડી દેવી. બીજી આળસ છોડી દેવી. ત્રીજું અભિમાન છોડી દેવું. હું પૈસાવાળો છું. એવું અભિમાન હશે તો બોલી નહીં શકો એટલે હીરાના પૈસા આવ્યા હોય તે પડ્યા રહેવા દેજો, પણ અત્યારે ભક્તિ કરવા અભિમાન છોડી દેવું કેમકે...

**"ભક્તિ કરવી એણે રાંક થઈને રહેવું ને, રાખવું નહીં અંતરનું અભિમાન રે."** અને "સાધુ સંગ બેઠ બેઠ લોક લાજ ખોઈ" શરમ છોડી દેવી. "જો મેલીએ મન મરજાદ તો લ્હાવો લીજિએ જીરે" અને આળસ તો રાખવી જ નહીં એટલે આળસ છોડી શરમ છોડી અભિમાન છોડી ભજન ગાવા.

**આવ્યો છે તું આ સંસારે, જન્મ સફળ તું કરતો જા,**
**સત્‌ચિત્ આનંદ રૂપ નિહાળી, આનંદે ઊછળતો જા..૧**
**માનવ જન્મ મળ્યો અતિ મોંઘો, એના મૂલ્ય સમજતો જા,**
**ખોટો જાણી ખોઈશ નહીં તું, સદ્‌ગુરૂ સેવા કરતો જા..૨**
**સદ્‌ગુરૂ સેવા જે જન કરશે, એનું મૂલ્ય તે સમજશે,**
**પ્રભુ ભક્તિનું સાધન સમજી, સચ્ચિદાનંદ સમરતો જા..૩**
**વિષય વાસનામાં ન ખોવો, દેહ દેવળમાં પ્રભુને જોવો,**
**દેહની મમતા દૂર કરીને, આતમને ઓળખતો જા..૪**
**માન અને મોટપ ને તજજે, ભાવેશ્રી સચ્ચિદાનંદ ભજજે,**
**બ્રહ્મચર્યને પ્રીતે પાળી, દિવ્ય જીવન તું જીવતો જા..૫**
**કામ ક્રોધ મદ મોહને જીતી, વ્યવહાર કરજે રૂડી રીતે,**
**પ્રેમ તણો પરાગ ભરીને, જીવન પુષ્પ ખીલવતો જા..૬**
**શત્રુ મિત્રને સમાન ગણવા, કોઈ જીવ હાથે ન હણવા,**
**ચિત્ત વૃત્તિને શાંત કરીને, સાચી શાંતિ ભોગવતો જા..૭**
**અંતર શક્તિથી કર્મ કરજે, ફળની આશા તું પરહરજે**
**ખોટી ભાવના મનથી મેલી, દિવ્ય ભાવના ભરતો જા..૮**
**વહેમ અને વ્યસનોને છોડી, દૂરીજનોની પ્રીતિ તોડી,**
**સંત પુરૂષનો સંગ કરીને, જ્ઞાન ગંગામાં ન્હાતો જા...૯**
**ત્રણ દેહથી અળગો રહેજે, જીવન મુક્ત થવાને કાજે,**
**શુદ્ધ બુદ્ધ નિજ રૂપ નિહાળી, અખંડ આનંદ અનુભવતો જા..૧૦**
**આવ્યો છે તું આ સંસારે, જન્મ સફળ તું કરતો જા,**

પ્રિય સજ્જનો,

ભગવાનની કૃપાથી આપણને આ મંગળમય લાભ મળી રહ્યો છે. ભગવાનની જ્યારે કૃપા થાય છે ત્યારે જીવને સુંદર સમય પ્રાપ્ત થાય છે.

**"બિનુ હરિ કૃપા મિલહિ નહીં સંતા**
**બિન સત્‌સંગ નહીં સંસૃતિઅંતા"**

ભગવાનની કૃપા વગર સંત સમાગમ મળતો નથી. સંત સમાગમ વગર જન્મ મરણના ફેરા મટતાં નથી. દુઃખોનો અંત આવતો નથી. સર્વ પ્રકારનાં દુઃખની નિવૃત્તિ પૂર્વક પરમ સુખની અનુભૂતિ કરવા માટે આપણે આ ભાગવત શાસ્ત્ર શ્રવણ કરવાનું છે. **'एकं भागवतं शास्त्रं मुक्ति दानेन गर्जति'** એટલા માટે ધ્યાનથી, પ્રેમથી, શ્રધ્ધાથી શ્રવણ કરવું. જે ભગવાનને હૃદયમાં રાખીને સાંભળે છે એને જલ્દી સમજાય છે. એટલે રોજ એવો અભ્યાસ કરવો મારા હૃદયમાં જ પ્રભુ બેઠેલા છે. અને એની શક્તિથી હું સમજી રહ્યો છું. જો એ દૃઢ કરશો તો જલ્દી સમજાઈ જશે.

**'હું કરું હું કરું એજ અજ્ઞાનતા,**
**શકટ નો ભાર જેમ શ્વાન તાણે.'**

એટલા માટે હૃદયમાં રહેલા હૃદયેશ્વર પરમાત્માની કૃપાથી આપણે આ કથાનો લાભ લઈએ. એ પ્રભુને જીવન સોંપી દઈએ. 'હે પ્રભુ! તું જ મારી અંદર બેસીને મારું કલ્યાણ કર.' તો ઘટઘટમાં કણ-કણમાં પરમાત્મા બિરાજમાન છે એ જ મહિમાને સાંભળવા માટે આપણે અહીં ભાગવતનું શ્રવણ પાન કરતા રહીએ, રસપાન કરતા રહીએ. ભાગવતના મંગલાચરણમાં જ કહ્યું **'સત્યં પરં ધિમહી'.** અમે પરમ સત્યનું ધ્યાન કરીએ. સદા રહે ને સર્વમાં રહે એનું નામ છે 'પરમ સત્ય' સદા રહે તે 'સત્ય' સદા ન રહે ને દેખાય તે 'અસત્ય' આખા જગતનું જે કારણ હોય, જેમાંથી આખું જગત બન્યું હોય. એ આખા જગતમાં રહે સોનામાંથી બનેલા જેટલા અલંકાર હોય એમાં જેમ સોનું હોય એમ જેમાંથી જગત બન્યું છે એ આખા જગતમાં વ્યાપી રહેલા છે. એટલે નરસિંહ મહેતાએ ગાયું કે...

**"આદ્ય તું અંત તું મધ્ય વ્યાપી રહ્યો,**
**કાર્યને કારણ તું જ કહાવે,**
**એક અદ્વૈત તું વિશ્વ વ્યાપી રહ્યો,**
**હરિ હર બ્રહ્મા એમ ગાવે."**

**(વધુ આવતા અંકે)** ૨૦૮

# અલ્પબુદ્ધિ

હંસાબેન બી. ગોપાણી
(ચોગઠ, હાલ : સુરત)

**સાખી :**

**અલ્પ બુદ્ધિ અનર્થકારી બ્રહ્માંડમાં ભરમાય.**
**વેલેથી વધ્યુ ફૂલ પાન પલમાં કરમાઈ જાય.**

જય સચ્ચિદાનંદ અલ્પ બુદ્ધિના અનુવાદી ઘણા છે. જેમ કે, સદ્‌ગુરૂ પરમાત્માના ધ્યાન, સ્મરણથી વિખુટા પડેલ મનને કોઈ ઠેકાણે શાંતિ નથી મળતી. વારંવાર દુઃખ યાતનાઓ ભોગવે છે. પણ અલ્પમતિ સત્ય નિર્ણય કરી શકતી નથી. આ મતીનો માણસ ખૂબ ઉધમથા કરી રહ્યો છે. ને મનથી ગોથા ખાધા જ કરે છે ને ભગવાનની વૃતિઓથી જુદા પડે છે. કોઈ જગ્યાએ શાંતિ નથી. ઘડીકમાં આમને તેમ બસ બુદ્ધિ અને મન જરાય જપતા નથી તો આ બુદ્ધિને મનને ઠરાવવા માટે સંતોના (ગુરુજી)ના શરણે જઈને પોતે જ શ્રેય સાધવો. એવા ખોટા ભ્રમણાંમાં ધારી મન ચોરાશીમાં પડીને રંગદોળાય જાય છે. પણ જે ઘડી બે ઘડીમાં તોડેલા પાન તેમ ફૂલ ઉડતા પવનમાં ઝપાટામાં કરમાઈને ધુળ રૂપ થઈ જાય છે. તેવી રીતે આપણા શરૂર રૂપી નગરની વાત છે. જુઓ આ સમયમાં ભજન ભક્તિ ગુરૂની સેવા ધ્યાન સ્મરણ નહી થાય તો પલમાં પરપોટો ફુટીને આ શરીરની અધોગતિ થશે પણ આ સાથે આ જીવને ચોરાશી યોનીની ખાણમાં જરૂર ને જરૂર જવું પડશે અને આ સમયમાં ભજન નહી કરીએ તો આપણે ક્યારે કરીશું કહ્યું છે ને.

**આજ કરશુ કાલ કરશું કાલે કેવી થાય છે.**
**અમુલખ લાવો લેતા આળશ કેમ થાય છે.**

તો આ અમુલખ સમય પવન વેગે ચાલી રહ્યો છે. પલની ખબર નથી તો ઘરથી ધંધાથી અને વહેવારથી નિવૃત થયા પછી મિથ્યા (ખોટી) વાતો ખોટી દોડધામમાં સમય ન બગાડીએને બને તેટલો સત્સંગ, ભજન, સેવા-સ્મરણમાં આ મન લગાવીએ તો અંતરમાં જરૂર ઉજાશ થશે. આ મનુષ્યનો સત્ય ધ્યેય અને સારા વિચારોને સ્મરણથી નિજ (પોતાના) સ્વરૂપ આત્માની અનુભૂતિ થતા સર્વે પ્રકારની વાસનાઓનો અંત આવી જશે ને સદાને માટે નિર્ભય બનીને જશે. નહીંતર આખો જન્મારો ભટકવાનો છે છે ને છે. ગુરૂજી કહે છે કોઈ સાથે નહી આવે આપણું કરેલું આપણેજ ભોગવવું પડશે. સારૂ અથવા નબળું પણ સમજ્યાં ત્યારથી સવાર પડે તે જ સાચી વાત. ભૂલ્યા ત્યાંથી પાછા ફરીયે તેમાંજ સાર છે. માટે કેવલ એકજ સહાયક બનશે. પ્રગટ પ્રભુ પરમાત્મા ગુરૂદેવ અન્ય કોઈ નહી આવે. આવે તો તે કાંઈ કરી નહી શકે. ગુરૂનું ભજન કર્યું હશે તો કોઈને કોઈ જગ્યાએથી છોડાવશે. ને ભૂલેલા પંથેથી પાછા લાવશે. તો જરૂર સદ્‌ગુરૂજીનું શરણું સ્વીકારીએ ને સદ્‌ગુરૂજીની નાવમાં બેઠા હશુ તો ભવપાર ઉતરી જઈશું ને ભવ પાર ન ઉતરીયે તો કાંઈ નહીં પણ બીજો જન્મ સારી યોનીમાં મળે તે પણ કામનું છે. નહિતર આ અલ્પ બુદ્ધિ અનર્થકારી છે. ભલભલાને પાડી દીધા છે. આપણે તો એક પામર જીવ છીએ. તો આ સમુદ્રને પાર કરવા માટે સદ્‌ગુરૂજીનું જ્ઞાન, ધ્યાન સેવા સ્મરણ જરૂર ને જરૂર કરી લઈએ. સાચું ભજન હશે તો જરૂર સદ્‌ગુરૂજી કૃપા દૃષ્ટિ કરીને ઉગારી લેશે માટે સદ્‌ગુરૂજી કાયમ કહેતા હતા ભૂલ્યાતો જરૂર જમના દ્વારે ચોરાસીમાં આવન-જાવન થતું રહેશે ને ભાવથી ભક્તિ કરીએ. દેખા-દેખી ન કરીએ. સારી રીતે ભજન કરીને સદ્‌ગુરૂજીના ચરણોમાં રહીએ એજ પ્રાર્થના. ■

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ ચોગઠ, તા. ઉમરાળા સ્વ. કુંવરજીભાઈ મીઠાભાઈ કોશીયા (ઉ.વ. ૯૬) સંવત ૨૦૮૦ માગશર સુદ-૨ ને ગુરૂવાર તા.૧૪-૧૨-૨૦૨૩ ના રોજ માધવ શરણ પામેલ છે.**

**શ્રી સદ્‌ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

# મકર સંક્રાંતિ

પીનલ એચ. ડોંડા
(ચમારડી)

સક્રાંતિનો ઉત્સવ એટલે નિસર્ગનો ઉત્સવ, પોષ મહિનામાં સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે. તેથી આ ઉત્સવને મકરસંક્રાંતિ કહેવાય છે. સૂર્ય એની પૃથ્વી આસપાસની પરિભ્રમણની દિશા બદલે છે, તે ઉત્તર તરફ ખસતો જાય છે. તેથી તેને ઉતરાયણ પણ કહેવામાં આવે છે. સૂર્યના સંક્રમણ સાથે આપણા જીવનનું સંક્રમણ પણ સંકળાયેલું છે.

तमसो मा ज्योतिगर्मय – અંધકારમાંથી પ્રકાશ તરફ પ્રયાણ કરવાની વૈદિક ઋષિઓની પ્રાર્થના આ દિવસના સંકલ્પિત પ્રયત્નોની પરંપરાથી સાકારિત થવી સંભવિત છે. કર્મયોગી સૂર્યદેવ પોતાના ક્ષણિક પ્રમાદને ખંખેરીને અંધકાર ઉપર આક્રમણ કરવાના આ દિવસે દૃઢ સંકલ્પ કરે છે. તેથી આ દિવસથી અંધારુ ધીરે ધીરે ઘટતું જાય છે. દેવો પણ આ દિવસે ઊંઘમાંથી જાગે છે. સારા કામો કરવા માટેના શુભ દિવસોની શરૂઆત થાય છે. હિંદુઓ મકરસંક્રાંતિ પછી જ પોતાનું મૃત્યુ આવે એમ ઝંખે છે. કૃતાન્ત યમરાજને ઉતરાયણ સુધી રોકી રાખનાર પિતામહ ભીષ્મ આ માટેનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડે છે. શ્રીમદ્ ભગદ્ગીતા પણ સાંકેતિક ભાષામાં આ વાત સમજાવે છે.

મકરસંક્રાંતિ એટલે પ્રકાશનો અંધકાર ઉપર વિજય. માનવીનું જીવન પણ અંધકાર અને પ્રકાશથી ઘેરાયેલું છે. તેના જીવનનું વસ્ત્ર કાળા અને ધોળા તંતુઓથી વણાયેલું છે. માનવના જીવનમાં રહેલા અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા, જડતા, કુસંસ્કાર વગેરે અંધકારના દ્યોતક છે. માણસે અજ્ઞાનને જ્ઞાનથી, વહેમને વિજ્ઞાનથી, અંધશ્રદ્ધાને સમ્યક્ શ્રદ્ધાથી. જડ઼તાને ચેતનાથી અને કુસંસ્કારોને સંસ્કાર સર્જનથી દૂર હઠાવવાના છે. એ જ એના જીવનની સાચી સંક્રાંતિ કહેવાશે.

સંક્રાંતિ એટલે સંઘ-ક્રાંતિ. કોઈપણ મહાન કાર્યમાં સંગઠનની જરૂરિયાત હોય છે, સંઘે શક્તિ कलौ युगे। સંઘમાં વિશિષ્ટ શક્તિ નિર્માણ થાય છે. આ વિશાળ વિશ્વની અંદર કોઈપણ કામ કરવાને માટે એકલો માણસ અપૂરતો છે. તેની શક્તિનિ મર્યાદા છે. સંઘની અંદર વિશિષ્ટ પ્રકારની શક્તિઓ વિપુલ પ્રમાણમાં એકઠી થાય છે. અને તે કોઈપણ કઠિન કર્યને સહજ શક્ય બનાવે છે. પરંતુ આ સંઘનિષ્ઠાના પાયામાં જ્વલંત પ્રભુનિષ્ઠા હોવી જોઈએ તે વાત ભૂલવી ન જોઈએ.

સંઘમાં ભેગા થયેલા લોકોના સંબંધો સ્નેહપૂર્ણ અને મધુર રહેવા જોઈએ. આ વાતની સ્મૃતિ તરીકે સંક્રાંતિના દિવસે તલગોળના લાડુ એકબીજાને આપવાની પ્રથા શરૂ થઈ હશે એમ લાગે છે. તલમાં સ્નિગ્ધતા છે. રૂક્ષ થયેલા આપણા સંબંધોમાં સ્નિગ્ધતા તલ લાવી શકશે અને ગોળની મીઠાશ મનની કડવાશ દૂર કરશે. તલ એ સ્નિગ્ધતાનું દ્યોતક છે. ગોળ અંતરની મીઠાશનું સૂચક છે. સ્નેહ અને મીઠાશનું પ્રતિક એટલે તલ અને ગોળ.

આ દિવસે પતંગ ચગાવવાની પ્રથા શરૂ થઈ તેની પાછળ પણ વિશિષ્ટ અર્થ રહેલો છે. સામાન્ય રીતે જોતાં પતંગ ચગાવવા માટે ખુલ્લા મેદાનમાં, કોઈ મકાનની છત પર કે અગાશીમાં જવું પડે અને ઠંડીના દિવસોમાં આ રીતે સહજ સૂર્યસ્નાન સાંપડી રહે. તાત્વિક દૃષ્ટિએ જોતાં આપણા જીવનનો પતંગ પણ આ વિશ્વની પાછળ રહેલી અદૃષ્ટ શક્તિ કોઈ અજ્ઞાત અગાશીમાં ઉભી રહીને ચગાવે છે. સક્રાંતિને

દિવસે જેમ આકાશમાં લાલ, પીળા, લીલા વગેરે રંગના પતંગો ચડતા દેખાય છે. તેમ આ વિશ્વના વિશાળ આકાશમાં સત્તાધીશો, શ્રીમંતો, વિદ્વાનો વગેરે અનેક પ્રકારના પતંગો ઉડતા હોય છે. પતંગની હસ્તી અને મસ્તી ત્યાં જ સુધી જ રહે છે. જ્યાં સુધી એનો દોર સૂત્રધારના હાથમાં હોય છે. સૂત્રધારના હાથમાંથી છૂટેલો પતંગ વૃક્ષની ડાળી પર, વીજળીના તાર પર કે પાણીની ટાંકી પર ફાટેલી અને વિકૃત દશામાં પહેલો જોવા મળે છે. ભગવાનના હાથમાંથી છૂટેલો માનવ-પતંગ પણ થોડા જ દિવસોમાં રંગ ઉતરી ગયેલો, ફિક્કો અને અસ્વસ્થ થયેલો જોવા મળે છે. તેથી જ સંક્રાંતિને દિવસે પ્રભુ પાસે પ્રાર્થના કરવાની કે, ''પ્રભુ! મારો જીવન પતંગ ઝોલે ન ચડે તે માટે મેં તારા હાથમાં તેનો દોર આપ્યો છે.''

સંક્ષેપમાં આ પર્વ નિમિત્તે સૂર્યનો પ્રકાશ, તલગોળની મીઠાશ અને પગંતનો તેના સૂત્રધાર ઉપરનો વિશ્વાસ આપણા જીવનમાં સાકારિત થાય તો જ એ આપણા જીવનનું યોગ્ય સંક્રમણ ગણાય. ■

## જટાસુરનો વધ

મહાભારત

દૈવયોગે એકવાર ધર્મરાજા પાસે એક રાક્ષસ આવ્યો અને ''હું સમસ્ત શાસ્ત્રવેત્તાઓમાં શ્રેષ્ઠ અને મંત્ર-વિદ્યામાં કુશળ બ્રાહ્મણ છું.'' આવું કહીને તે હંમેશાં પાંડવોનાં ધનુષ્ય અને ભાથાં તથા દ્રૌપદીને ઉઠાવી લઈ જવાની તક શોધતો તેમની પાસે રહેવા લાગ્યો. તે દુષ્ટનું નામ જટાસુર હતું. રાજન્! એક વાર ભીમસેન વનમાં ગયેલા હતા તથા લોમશાદિ મહર્ષિઓ સ્નાન કરવા માટે ગયા હતા. તે સમયે જટાસુર ભયંકર રૂપ ધારણ કરીને ત્રણે પાંડવો, દ્રૌપદી અને બધાં જ શસ્ત્રોને ઉઠાવીને લઈ ચાલ્યો. તેમનામાંથી સહદેવ કોઈક રીતે પરાક્રમ કરીને છુટી ગયા અને તે રાક્ષસ પાસેથી પોતાની કૌશિકી નામની તલવાર છીનવી લઈને જે બાજુ ભીમસેન ગયા હતા તે તરફ મોટે મોટેથી પોકારવા લાગ્યા.

પછી જેમને રાક્ષસ હરી લઈ જઈ રહ્યો હતો તે ધર્મરાજ યુધિષ્ઠિરે તેને કહ્યું, ''અરે મૂર્ખ! આ પ્રમાણે ચોરી કરવાથી તો તારા ધર્મનો નાશ થાય છે, તું એનો કોઈ વિચાર કરતો નથી. તારે તારા ધર્મનો વિચાર કરીને જ કામ કરવું જોઈએ. પ્રામાણિક પુરુષોએ ગુરુ, બ્રાહ્મણ, મિત્ર અને વિશ્વાસ કરનારાઓનો તથા જેનું અન્ન ખાધું હોય અને જેણે આશરો આપ્યો હોય, તેમનો દ્રોહ ન કરવો જોઈએ. તું અમારે ત્યાં ખૂબ આદરથી સુખપૂર્વક રહ્યો છે. અરે દૂર્બુદ્ધે! અમારું અન્ન ખાઈને તું અમારું જ હરણ કઈ રીતે કરી રહ્યો છે? આ પ્રમાણે તો તારો આચાર, આયુષ્ય અને બુદ્ધિ – બધું જ નકામું થઈ ગયું. હવે વ્યર્થ મરવા ચાહે છે. અરે રાક્ષસ! આજે તે આ મનુષ્યનો સ્પર્શ શું કર્યો છે, ઘડામાં રાખેલા વિષને જ હલાવીને પી લીધું છે.'

એમ કહીને યુધિષ્ઠિર તેના માટે ભારે થઈ ગયા, તેમના ભારથી રાક્ષસની ચાલવાની ગતિ મંદ પડી. ત્યારે ધર્મરાજે નકુળ અને દ્રૌપદીને કહ્યું ''તમે આ મૂર્ખ રાક્ષસથી ડરતા નહિ, મેં તેની ગતિને રૂંધી નાખી છે. અહીંથી થોડેક દૂર મહાબાહુ ભીમસેન હશે. બસ હવે તે આવતો જ હશે, પછી આ રાક્ષસનું નામ-નિશાન શોધ્યું પણ મળશે નહિ.' ત્યાર પછી તે મૂર્ખ રાક્ષસને જોઈને સહદેવે ધર્મરાજ યુધિષ્ઠિરને કહ્યું, ''રાજન્! આ દેશ અને કાળ એવો છે કે આપણે આની સાથે યુદ્ધ કરીએ. જો આ યુદ્ધમાં આને મારી નાખીએ તો આપણે વિજયી થઈશું અને જો આપણે જ મરાઈ ગયા તો સદ્ગતિ પ્રાપ્ત થશે.' પછી તેમણે

રાક્ષસને પડકારીને કહ્યું, ''અરે ઓ રાક્ષસ! જરા ઊભો રહે. તું મને મારીને પછી દ્રૌપદીને લઈ જા, અન્યથા તું મારા હાથે હમણાં જ મૃત્યુ પામીને જમીન પર પડી જઈશ.'

માદ્રીકુમાર સહદેવ આ પ્રમાણે કહી જ રહ્યા હતા ત્યાં તો એકાએક વજ્રધારી ઈન્દ્ર જેવા ગદાધારી ભીમસેન દેખાવા લાગ્યા. તેમણે જોયું કે રાક્ષસ પોતાના ભાઈઓ અને દ્રૌપદીને લઈ જઈ રહ્યો છે. એ જોઈને તેમણે ક્રોધાવેશમાં આવીને રાક્ષસને કહ્યું, ''અરે પાપી! મેં તો તને પહેલાં જ શસ્ત્રોની પરીક્ષા કરતી વખતે ઓળખી લીધો હતો. પરંતુ તું અમારે ત્યાં બ્રાહ્મણ-વેશમાં રહેતો હતો, તેથી હું તને કઈ રીતે મારું? ''આ રાક્ષસ છે' એવું જાણવા છતાં પણ વિના અપરાધે મારવો યોગ્ય નથી. અને જે અપરાધ વિના મારે છે, તે નરકમાં જાય છે. મને લાગે છે કે આજે તારું મૃત્યુ આવી પહોંચ્યું છે, તેથી તને આ કુબુદ્ધિ સૂઝી છે. અવશ્ય, અદભુત કામ કરનાર કાળે જ તને કૃષ્ણાનું હરણ કરવાની મતિ સુઝાડી છે. હવે તું જ્યાં જવા ઈચ્છે છે ત્યાં નહિ જઈ શકે; બલકે તારે બક અને હિડિમ્બને રસ્તે જવું પડશે'.

ભીમસેનની વાત સાંભળીને કાળની પ્રેરણાથી તે રાક્ષસ ડરી ગયો અને બધાંને મૂકીને તે યુદ્ધ કરવા તૈયાર થઈ ગયો. ક્રોધથી તેના હોઠ ફફડવા લાગ્યા. તેણે ભીમસેનને કહ્યું, 'અરે પાપી! તેં જે જે રાક્ષસોને યુદ્ધમાં માર્યા છે, તેમનાં નામ મેં સાંભળ્યાં છે; આજે તારા જ ખૂનથી હું તેમનું તર્પણ કરીશ.' પછી તે બંનેમાં ભયંકર બાહુયુદ્ધ થવા લાગ્યું. એટલામાં બંને માદ્રીકુમારો પણ તેના ઉપર તૂટી પડ્યા. પરંતુ ભીમસેને હસીને તેમને રોકી દીધા અને કહ્યું કે, 'હું એકલો જ આના માટે પર્યાપ્ત છું. તમે બાજુ પર ઊભા રહીં અમારું યુદ્ધ જુઓ.' બસ, હવે તે બંને વીર આપસમાં સ્પર્ધા કરતા બાહુયુદ્ધ કરવા લાગ્યા. જેમ દેવો અને દાનવો એકબીજાની વૃદ્ધિ સહી ન શકવાથી લડે છે, એ જ પ્રમાણે ભીમસેન અને જટાસુર પણ એકબીજા પર પ્રહાર કરવા લાગ્યા. જેમ પહેલાં સ્ત્રીની ઈચ્છાથી વાલી અને સુગ્રીવનું યુદ્ધ થયું હતું, તે જ પ્રમાણે આ બંનેનું પણ વૃક્ષયુદ્ધ થવા લાગ્યું. આના કારણે ત્યાંનાં અનેક વૃક્ષોનો નાશ થઈ ગયો, પણ તેમણે વજ્ર જેવી શિલાઓથી લડવાનું શરૂ કર્યું. છેવટે તે બંને એકબીજાને મુક્કા મારવા લાગ્યા. ત્યારે ભીમસેને જટાસુરની ગરદન પર જોરથી મુક્કાનો પ્રહાર કર્યો. તેનાથી તે રાક્ષસ બહુ ઢીલો પડી ગયો. તેને થાકેલો જોઈને ભીમસેને તેને ધરતી પર પછાડ્યો અને તેનાં હાડકાં ભાંગીને ભુક્કો થઈ ગયાં. પછી કોણી મારીને તેનું માથું ધડથી અલગ કરી દીધું.

આ પ્રમાણે તે રાક્ષસનો વધ કરીને ભીમસેન યુધિષ્ઠિર પાસે આવ્યા, તે વખતે જેમ મરુદ્ગણો ઈન્દ્રની સ્તુતિ કરે છે, તે જ પ્રમાણે બ્રાહ્મણો ભીમસેનની પ્રશંસા કરવા લાગ્યા.

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ ધારૂકા, તા. ઉમરાળા સ્વ. જીવરાજભાઈ કાનજીભાઈ વાઘાણી (ઉ.વ.૬૦) સંવત ૨૦૮૦ માગશર વદ-૧૨ ને સોમવાર તા.૮-૦૧-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.**

**શ્રી સદ્ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ ચમારડી, તા. વલ્લભીપુર સ્વ. અરજણભાઈ મુળજીભાઈ મોરડીયા (ઉ.વ.૭૬) સંવત ૨૦૮૦ પોષ સુદ-૯ ને શુક્રવાર તા.૧૯-૧-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.**

**શ્રી સદ્ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

# સૌગન્ધિક વનમાં પહોંચ્યા પછી ભીમનું યક્ષ-રાક્ષસો સાથે યુદ્ધ તથા યુધિષ્ઠિરનું ત્યાં પહોંચવું તથા બધાનું પાછા ફરવું.



**વૈશમ્પાયનજી કહે છે** - કપિવર હનુમાનજીના અંતર્ધાન થઈ ગયા પછી મહાબળી ભીમસેન તેમના બતાવેલા માર્ગે ગંધમાદન પર્વત પર આગળ વધ્યા. માર્ગમાં તેઓ હનુમાનજીનો વિશાળ વિગ્રહ અને અલૌકિક શોભાનું તથા દશરથનંદન ભગવાન શ્રીરામના મહાત્મ્ય અને પ્રભાવનું ચિંતન કરતા જ રહ્યા હતા. સૌગન્ધિક વનને જોવાની ઈચ્છાથી જઈ રહેલા ભીમસેને માર્ગમાં રમણીય વન અને ઉપવન જોયાં તથા જાતજાતનાં વૃક્ષોથી સુશોભિત સરોવરો અને નદીઓ જોઈ.

આ પ્રમાણે આગળ વધીને તેઓ કૈલાસ પર્વત નજીક કુબેરના રાજભવન પાસે એક સરોવરની નિકટ પહોંચ્યા. તે સરોવરનું નિર્મળ જળ તૃપ્તિ થતાં સુધી પીધું. મહાત્મા કુબેર આ સરોવરમાં જળક્રીડા કરતા હોય છે. તેની આસપાસ દેવતાઓ, ગંધર્વો, અપ્સરાઓ અને ઋષિઓ રહેતા હતા. તે સરવોર અને સૌગન્ધિક વનને જોઈને ભીમસેન બહુ પ્રસન્ન થયા. મહારાજ કુબેરના હજારો ક્રોધવશ નામના રાક્ષસો જાતજાતનાં શસ્ત્રો વગેરેથી સજ્જ થઈને આ સ્થાનની રક્ષા કરતા હતા. તેમણે મહાબાહુ ભીમસેનની પાસે જઈને પૂછ્યું, 'કૃપા કરીને જણાવો કે તમે કોણ છો? તમારો વેશ તો મુનિઓ જેવો છે, પરંતુ તમારી પાસે તો હથિયારો પણ છે. જણાવો, તમે અહીં શા ઉદ્દેશથી આવ્યા છો?

**ભીમસેને કહ્યું** - રાક્ષસો! મારું નામ ભીમસેન છે. હું ધર્મરાજ યુધિષ્ઠિરથી નાનો મહારાજ પાંડુનો પુત્ર છું. હું ભાઈઓની સાથે આવીને વિશાલાક્ષેત્રમાં રોકાયો છું. અહીંથી ઊડીને એક સૌગન્ધિક પુષ્પ અમારા નિવાસસ્થાને પહોંચી ગયું હતું. તેને જોઈને દ્રૌપદીને તેવાં જ વધારે ફૂલો જોઈએ છે. તેથી હું અહીં આવ્યો છું.

**રાક્ષસોએ કહ્યું** - પુરુષશ્રેષ્ઠ! આ યક્ષરાજ કુબેરનું પ્રિય ક્રીડાસ્થાન છે. અહીં મરણધર્મા મનુષ્યો વિહાર કરી શકતા નથી. અહ દેવર્ષિઓ, યક્ષો અને દેવતાઓ પણ યક્ષરાજની આજ્ઞા લઈને જ જળપાન અને વિહાર વગેરે કરી શકે છે. પછી તમે તેમનો અનાદર કરીને જબરદસ્તી કમળ લેવા કેમ ચાહો છો, અને આવો અન્યાય કરવા છતાં પોતાને ધર્મરાજના ભાઈ કઈ રીતે કહો છો? તમે મહારાજની આજ્ઞા લઈને પછી જળ પી શકશો, ફૂલ તોડી શકશો, અન્યથા તમે ફીલો તરફ નજર પણ નહિ કરી શકો.

**ભીમસેને કહ્યું** - રાક્ષસો! રાજાઓ માગતા નથી, આ જ સનાતન ધર્મ છે, હું કોઈ રીતે ક્ષત્રિય ધર્મને છોડવા માગતો નથી. આ સુંદર સરોવર પર્વતોનાં ઝરણાંઓથી બન્યું છે. આના ઉપર કુબેર જેવો જ બધાનો અધિકાર છે. આવા તદ્દન સામાન્ય પદાર્થ માટે કોણ કોની યાચના કરે?

આવું કહીને ભીમસેન તે રાક્ષસોની ઉપેક્ષા કરીને સ્નાન કરવા માટે તે સરોવરમાં ગયા. ત્યારે બધા રાક્ષસોએ તેમને રોક્યા અને બધા એકસામટાં શસ્ત્રો ઉગામીને તેમની ઉપર તૂટી પડ્યા. ભીમસેને પણ પોતાની યમરાજાના દંડ જેવી સેનાથી મઢેલી ભારે ગદા ઉપાડી 'ઊભા રહો! ઊભા રહો!' એમ મોટેથી બોલતા રહીને તેમના પર આક્રમણ કરી દીધુ. આનાથી રાક્ષસોનો ગુસ્સો વધી ગયો અને તેઓ ચારે બાજુથી ઘેરીને તેમના પર તોમર અને પટ્ટીશ વગેરે અસ્ત્ર-શસ્ત્રોની વર્ષા કરવા લાગ્યા. મહાત્મા ભીમે તેમના બધા પ્રહારોને વિફળ કરી દીધા અને તેમનાં

શસ્ત્રોનાં ટુકડે-ટુકડા કરીને સેંકડો વીરોને સરોવર પાસે જ ઢાળી દીધા. ભીમસેનના મારથી પીડિત અને બેહોશ થયેલા તે રાક્ષસો રણાંગણમાંથી ભાગીને વિમાનોમાં બેસીને આકાશમાર્ગે કૈલાસનાં શિખરો પર ચાલ્યા ગયા. તેમણે યક્ષરાજ કુબેર પાસે જઈને ડરતાં ડરતાં ભીમસેનના બળ-પરક્રમનું વર્ણન કર્યુ. અહીં ભીમ સુગંધિત સુંદર કમળો વીણવા લાગ્યા.

રાક્ષસોની વાત સાંભળીને કુબેરને બહુ હસવું આવ્યું અને બોલ્યા, 'મને આ બધી વાતની ખબર છે; દ્રૌપદી માટે તેમને જેટલાં કમળ જોઈએ તેટલાં તે લઈ જાય.' આથી રાક્ષસોનો ક્રોધ ઠંડો પડી ગયો અને તેઓ ભીમસેનની પાસે આવ્યા.

અહીં બદરિકાશ્રમમાં ભીમસેનના યુદ્ધની સૂચના દેનારો અત્યંત વેગીલો અને ધૂળનો વરસાદ વરસાવતો ભારે ઉગ્ર પવન ફૂંકાવા લાગ્યો. ત્યાં વારંવાર ભારે ગડગડા સાથે પૃથ્વી ઉપર ઉલ્કાપાત થવા લાગ્યો, જે બધાને ભયભીત કરી દેનારો હતો; ધૂળથી ઢંકાઈ જવાના કારણે સૂર્યનો પ્રકાશ ઝાંખો પડી ગયો, પૃથ્વી ધ્રૂજવા લાગી, દિશાઓ લાલ-લાલ થઈ ગઈ. પશુ-પક્ષીઓ ચિત્કાર કરવા લાગ્યાં અને ચારે બાજુ અંધારું છવાઈ ગયું, આંખોથી કશું જ દેખાતું ન હતું. આ સિવાય પણ ત્યાં અનેક ભયંકર ઉત્પાતો થવા લાગ્યા. આવી વિચિત્ર સ્થિતિ જોઈને ધર્મપુત્ર યુધિષ્ઠિરે કહ્યું, 'પંચાલી! ભીમ ક્યાં છે? એવું લાગે છે કે તે ત્યાં કશુંક ભયંકર કામ કરવા ચાહે છે અથવા કશુંક કરી બેઠો છે; કારણ કે આ એકાએક થઈ રહેલો ઉત્પાત કોઈ મોટા યુદ્ધની આગાહી કરી રહ્યો છે.

ત્યારે **દ્રૌપદીએ કહ્યું** - ''રાજન્ વાયુથી ઊડીને જે સૌગન્ધિક  કમળ આવ્યું હતું. તે મેં પ્રેમથી ભીમસેનને ભેટ આપીને કહ્યું હતું કે જો 'તમને આવાં વધારે ફૂલ મળી જાય તો તે લઈને તમે જલદી પાછા આવો.' તે મહાબાહુ મારું પ્રિય કરવા માટે તે કમળોની શોધમાં જરૂર પૂર્વોત્તર દિશામાં ગયા છે.''

દ્રૌપદીના આ પ્રમાણે કહેવાથી મહારાજ યુધિષ્ઠિરે નકુળ-સહદેવને કહ્યું, જે બાજુ ભીમ ગયો છે તે તરફ આપણે બધાંએ જવું જોઈએ. રાક્ષસો બ્રાહ્મણોને ઊંચકીને ચાલવા માંડે. અને ઘટોત્કચ! તું દ્રૌપદીને લઈને અમારી સાથે ચાલ. ભીમસેન બ્રહ્મવાદી સિદ્ધપુરૂષોનો કોઈ અપરાધ કરે, તે પહેલાં જ આપણે તમારા લોકોના પ્રભાવથી ત્યાં પહોંચી જઈએ એ જ હિતકર છે.

ત્યારે ઘટોત્કચ વગેરે બધા રાક્ષસો 'જેવી આજ્ઞા' કહીને પાંડવો અને તેમની સાથેના બ્રહ્મણોને ઊંચકીને લોમશજીની સાથે પ્રસન્ન ચિત્તે ચાલવા લાગ્યા, કારણ કે તેઓ પોતાના નિર્ધારિત સ્થાન - કુબેરના સરોવરને જાણતા હતા. તેમણે થોડા જ સમયમાં જઈને એક સુંદર વનમાં કમળની ગંધથી સુવાસિત એક અત્યંત મનોહર સરોવર જોયું. તેની પાસે તેમને પરમ તેજસ્વી ભીમસેન દેખાયા અને તેમની પાસે જ અનેક મરીને પડેલા યક્ષો પણ જોયા. ભીમસેનને ધર્મરાજાએ વારંવાર આલિંગન કર્યું અને પછી મધુર વાણીથી કહ્યું, 'કુંતીનંદન! તમે આ શું કરી બેઠા? આ તો તમારું સાહસ જ કહેવાય, આનાથી દેવતાઓનું પણ અપ્રિય થયું છે. જો તમે મારું હિત ચાહો છો તો આવું કામ હવે પછી ક્યારેય કરશો નહીં.' આ પ્રમાણે ભીમસેનને સમજાવીને તેમણે સૌગન્ધિક કમળ લઈ લીધાં. અને પછી દેવતાઓની જેમ તે સરોવરમાં ક્રીડા કરવા લાગ્યા. દરમિયાન તે બગીચાના રાક્ષકો - વિશાળ શરીર ધરાવતા યક્ષો અને રાક્ષસો ઉત્પન્ન થઈ ગયા. તેમણે ધર્મરાજ યુધષ્ઠિર, નકુલ, સહદેવ, મહર્ષિ લોમશ તથા બીજા બ્રાહ્મણોને વિનયથી પ્રણામ કર્યા. ધર્મરાજે તેમને સાંત્વના આપી તેથી તે કુબેરના દૂતો શાંત થયા અને કુબેરને પણ પાંડવોના આવવાની સૂચના મળી ગઈ. પછી અર્જુનના આવવાની પ્રતીક્ષા કરતાં તેમણે થોડા સમય સુધી ત્યાં ગંધમાદનના શિખર પર જ રોકાણ કર્યું.

ત્યાં રહેતા હતા તે દરમિયાન એક દિવસ દ્રૌપદી, ભાઈ અને બ્રાહ્મણો સાથે વાર્તાલાપ કરતાં ધર્મરાજ યુધિષ્ઠિરે કહ્યું, 'જ્યાં પહેલાં દેવતાઓ અને મુનિઓએ નિવાસ કર્યો છે. એવાં અનેક પવિત્ર અને કલ્યાણકારી તીર્થો અને મનને આનંદ આપનારાં વનોનાં આપણે દર્શન કર્યા. સાથે સાથે આશ્રમોમાં અનેક શુભ કથાઓ સાંભળતાં આપણે ખાસ કરીને બ્રાહ્મણોની સાથે તીર્થોમાં સ્નાન પણ કર્યું છે તથા હંમેશાં ફૂલ-જળથી દેવતાઓનું પૂજન તપણ કરતા રહ્યા છીએ અને જેવાં કંદ-મૂળ-ફળ પ્રાપ્ત થયા તેમનાંથી પિતરોનું તર્પણ પણ કર્યું છે. આ પ્રમાણે મહાત્મા લોમશજીએ આપણને ક્રમશઃ બધાં તીર્થસ્થાનોનાં દર્શન કરાવી દીધાં છે. હવે આ સિદ્ધો દ્વારા સેવિત કુબેરજીનું પવિત્ર મંદિર છે. તેમાં આપણે કઈ રીતે પ્રવેશ કરી શકીશું?'

જે સમયે ધર્મરાજ આ પ્રમાણે વાતચીત કરી રહ્યા હતા તે જ સમયે તેમને આકાશવાણી સંભળાઈ - 'હવે તમે અહીંથી આગળ જઈ શકવાના નથી. આ માર્ગ ઘણો દુર્ગમ છે, તેથી કુબેરના આશ્રમથી આગળ ન જતાં, તમે જે રસ્તે આવ્યા છો, તે જ માર્ગે શ્રીનર-નારાયણના સ્થાન પર - બદરિકાશ્રમ પાછા ચાલ્યા જાઓ. ત્યાંથી તમે સિદ્ધ-ચારણો દ્વારા સેવિત વૃષપર્વાના આશ્રમ પર જજો, તે ઘણો જ સુંદર અને સિદ્ધો-ચારણો દ્વારા સેવાયેલો છે, પછી તેની આગળ તમે આર્ષ્ટિપેણના આશ્રમ પર જજો. તેની આગળ જતાં તમને કુબેરજીના મંદિરનાં દર્શન થશે.' તે જ સમયે ત્યાં દિવ્ય ગંધમય અને પવિત્ર તથા શીતળ વાયુ વહેવા લાગ્યો અને ફૂલોની વૃષ્ટિ થવા લાગી. તે અત્યંત આશ્ચર્યમય આકાશવાણીને સાંભળીને રાજા યુધિષ્ઠિર મહર્ષિ ધૌમ્યની વાત માનીને ત્યાંથી પાછા ફરીને શ્રીનર-નારાયણના આશ્રમ પર આવી ગયા.

**(ક્રમશ) વધુ આવતા અંકે..**

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ ચોગઠ, તા. ઉમરાળા સ્વ. મુકેશભાઈ શામજીભાઈ કોશિયા (ઉ.વ.૫૯) સંવત ૨૦૮૦ માગશર વદ-૩ ને શનિવાર તા.૩૦-૧૨-૨૦૨૩ ના રોજ માધવ શરણ પામેલ છે.

શ્રી સદ્ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

## સરકારશ્રીના નવા કાયદા અનુસાર લખવામાં આવેલ છે.

**(૧) પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજ. વેદાન્તાચાર્યશ્રીની આજ્ઞા તેમજ સરકારશ્રીના કાયદા મુજબ શ્રી માધવાનંદ આશ્રમ ચાણોદ, હરદ્વાર, અલ્હાબાદ (પ્રયાગરાજ), સુઘડ. આશ્રમમાં જતાં પહેલા મોબાઈલ દ્વારા સંપર્ક કરવો અને આધારકાર્ડ સાથે લઈને આવવું. તો જ આશ્રમમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે.**

**(૨) સેવકભાઈઓ સગા-સંબંધીઓને આશ્રમમાં મોકલે છે તેમને સવારે શ્રી ગુરુગીતાનો પાઠ તેમજ સાંજે આરતી, પ્રાર્થનામાં ફરજિયાત હાજરી આપવી તેવી સૂચના આપીને મોકલવા.**

**(૩) ગૌશાળા તથા અનક્ષેત્રમાં દાન આપવા માટે આધારકાર્ડ નંબર ફરજીયાત આપવાનો રહેશે. નિયમોનું પાલન કરવું એજ બધાને માટે હિતાવહ છે.**

**● ચાણોદ - મો. ૯૮૨૫૧ ૨૦૬૨૧, ● હરદ્વાર - મો. ૯૪૧૧૫૦૧૬૮૨,**

**● અલ્હાબાદ (પ્રયાગરાજ)-મો. ૯૮૩૯૬૪૩૭૮૨, ●સુઘડ- મો. ૯૪૦૯૫ ૫૨૭૭૯.**

# આત્મા એક અદ્વૈત છે અને બીજું બધુ દ્વૈત છે

કૃષ્ણાબેન જી. સવાણી
(નવાનાવડા)

ગતાંકથી ચાલુ

**સંસારનો કર્તા કોણ છે ?**

**એ બીજા પ્રશ્નનો ઉત્તર જગતનો કર્તા ઈશ્વર છે.**

दोहा : विभु चेतन माया करै, जगको उत्पति भंग॥

વ્યાપક ચેતન અને તેને આશ્રયે રહીને તેને વિષય કરનારી જે માયા તે જગતની ઉત્પત્તિ અને ભંગ કરે છે.

**ટીકા :** વ્યાપક એવું ચેતન તથા તેને વિષય કરનારી એટલે તે ચેતના ને ઢાંકનારી તથા ચેતનને આશરે રહેલી એવી માયા શક્તિ એટલે સત્ અને અસત્થી વિલક્ષણ અદ્ભુત શક્તિરૂપ અજ્ઞાન તેનાથી જગતની ઉત્પતિ અને નાશ થાય છે. ઉત્પતિ નાશ કહેવા વડે જગતની સ્થિતિ પણ એ માયા વડે જ થાય છે. એમ સમજી લેવું.

એમ કહેવાથી આવો અર્થ સિવ્ય થાય છે. (૧) માયા સહિત જે ચેતન તેને ઈશ્વર કહે છે. (૨) તે ઈશ્વર જગતની ઉત્પતિ, સ્થિતિ અને લયનો હેતુ છે. આમ કહેવાથી (અ) જગતનો કોઈ કર્તા છે કે તે પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે? એ પ્રશ્નનો ઉત્તર અપાઈ ગયો. (બ) તેમ જગતનો કર્તા કોઈ જીવ છે કે ઈશ્વર! તેનો પણ ઉત્તર અપાઈ ગયો.

**મુક્તિનો હેતુ કયો છે ?**

**એ ત્રીજા પ્રશ્નનો ઉત્તર મુક્તિનો હેતુ એક જ્ઞાન જ છે.**

दोहा : हेतु मोक्ष के ज्ञान इक, नहि कर्म नहि ध्यान।
रज्जु सर्प तवही नशे, होय रज्जु को ज्ञान॥

મોક્ષનો હેતુ એક જ્ઞાન જ છે. કર્મ કે ઉપાસના નથી. કેમ કે દોરડીમાં કલ્પેલો સાપ જ્યારે દોરડીનું જ્ઞાન થાય છે ત્યારે જ નાશ પામે છે.

**ટીકા :** ગુરુ કહે છે કે, હે શિષ્ય! તે ત્રીજો પ્રશ્ન એવો ક્યાં છે કે મુક્તિનો હેતુ એટલે મોક્ષનું સાધન જ્ઞાન છે. અથવા કર્મ છે અથવા ઉપાસના છે. અથવા બંને છે. એનો ઉત્તર સાંભળ.

મુક્તિનો હેતુ કર્મ અથવા ઉપાસના એટલે ધ્યાન નથી પણ જ્ઞાન જ હેતુ છે. કેમ કે આત્મામાં બંધ સત્ય હોય તો તેની નિવૃત્તિરૂપ મોક્ષ જ્ઞાનથી થાય નહિ. પણ કર્મ અથવા ઉપાસનાથી થાય! પણ બંધ આત્મામાં સત્ય નથી. પણ રજ્જુ સર્પની પેઠે મિથ્યા છે તે મિથ્યાની નિવૃત્તિ અધિષ્ઠાનના જ્ઞાનથી જ થાય છે. કર્મ અથવા ઉપાસનાથી થતી નથી. જેમ દોરડીનો સાપ કોઈ ક્રિયાથી દૂર થાય નહિ. કેવળ દોરડીના જ્ઞાનથી જ દૂર થાય છે. તેમ આત્માના અજ્ઞાનથી પ્રતિત થતો જે બંધ તે બંધની પ્રતિતિ અને અજ્ઞાન આત્માના જ્ઞાનથી જ દૂર થાય છે.

**સ્વયં પ્રકાશનું નિરૂપણ**

(૧) સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરનો બાધ એટલે આત્માના સ્વયં પ્રકાશ છે. (૨) **બ્રહ્મનો સ્વયં પ્રકાશ** : નામ, રૂપ અને ગુણનો બાધ થતાં બ્રહ્મ સ્વયં પ્રકાશ છે. બ્રહ્મ એ જ આત્મા એને '''આત્મા એ જ બ્રહ્મ છે. આત્મા અને બ્રહ્મ એક જ છે.

**વિવર્ત :** વ્યવહારિક સત્તાને વિર્વત કહે છે.

**પરિણામ** : પ્રાતિભાસિક સત્તાને પરિણામ કહે છે.

**આકાશ અને આત્મા**

**આકાશની વ્યાપકતા :** આકાશની વ્યાપકતા સાપેક્ષ અને જડ છે. - આકાશની ઉત્પત્તિ છે.
- આકાશ ગુણવાળું છે તેનો ગુણ શબ્દ છે.

**આત્માની વ્યાપકતા :** આત્માની વ્યપકતા નિરપેક્ષ અને ચેતન છે. - આત્મા ઉત્પતિ રહિત છે.
- આત્મા નિર્ગુણ છે.

**કયા પ્રાણનું કયું કાર્ય છે ?**

**પ્રાણ :** પ્રાણ સાથે પોતાનો આત્મા મળે તો

તળાવ, નદી અને શહેર દેખાય છે.

**વ્યાન :** વ્યાન સાથે સબંધ ધરાવે ત્યારે દેવ રૂષીની લહેર દેખાય છે. **અપાન :** અપાન સાથે રાક્ષસને ગંધર્વનું ગાન સંભળાય છે. **ઉદાન :** ઉદાન સાથે એક રસ બને ત્યારે દેવી-દેવતાને દેખે છે. **સમાન :** સમાન સાથે મળે ત્યારે ધાન્ય, ધરા અને ધામ દેખાય છે.

**-: જીવ પોતે પણ સ્વપ્નમાં જગત રચે છે :-**

જીવ પોતે પણ સ્વપ્નમાં જગત રચે છે. પણ મલિન વાસના અને અશુદ્ધ સંકલ્પથી પોતાનું રચેલ જગત પોતાને સુખ-દુઃખ દે છે બીજા કોઈ જોઈ શકતાં નથી.

ઈશ્વરનો શુદ્ધ સંકલ્પ છે માયા તેને આધિન છે. ઈશ્વરનું રચેલ જગત કોઈને સુખ-દુઃખ આપતું નથી. ઈશ્વરમાં અંતઃકરણ નથી. ઈશ્વરનું જગત સૌને આનંદ આપે છે. સૌને દેખાય છે.

**-: જ્ઞાન એક છે :-**

સાંભળવું તે કાનનો વિષય, સ્પર્શ તે ચામડીનો વિષય, જોવું તે આંખનો વિષય, સૂંઘવું તે નાકનો વિષય, ચાખવું તે જીભનો વિષય.

આમ, વિષય જુદા પણ તેને જાણવાવાળો આત્મા (જ્ઞાન) એક જ છે.

**દૃષ્ટાંત :** આત્મારૂપી મણી શરીર રૂપી કૂંડાથી ઢંકાયેલ છે તો શબ્દરૂપી ડંડો, વૃતિરૂપી હાથ વડે મારવાથી કૂંડુ ફૂટતા મણી રૂપી આત્મા સ્વયં પ્રકાશ છે. **શબ્દ : તું બ્રહ્મ છે.** યયાત્મ બ્રહ્મ, તત્વમસિ, પ્રજ્ઞાનં બ્રહ્મ. **સમજણ :** બ્રહ્મ સત્ય જગત મિથ્યા.

**બ્રહ્મ પ્રાપ્તિ માટે :** (૧) એકાંત વાસ (૨) લઘુ ભોજન (૩) મૌન (૪) નિરાશા. કોઈપણ મનની આશા નહિ. (૫) ઈન્દ્રિયોનો નિગ્રહ (૬) સંયમ

**વૃત્તિઓ : ઉદાસિન વૃતિ :** વ્યાપક ચેતનામાં જ્ઞાન થાય પણ આનંદ ન થાય. **વિષય વૃતિ :** પરિચિત વ્યક્તિ મળવાથી આનંદ થાય. **અભ્યાસ વૃતિ :** સોનાની પેટીનો દાખલો.

**કર્મના પ્રકાર :** કર્મ પાંચ પ્રકારે ઉપયોગી છે. (૧) શરીરથી (૨) મનથી (૩) વાણીથી.

**સિદ્ધાંત - ૧૩ :**

**આત્મજ્ઞાનથી મનુષ્યના બધા ભય અને ઈચ્છાઓ નાશ પામે છે. - બ્રહ્મ સિદ્ધાંત માળા.**

आनंद ब्रह्मणांविद्यान्विभेती कृतन।

બ્રહ્મની ઉપાસનાના ફળભૂત આધિદૈવિક આનંદને જાણનારો કદી પણ ગર્ભવાસાદિક દુઃખથી ભય પામતો નથી.

ज्ञात्वा देवां सर्व पाशपहानि। – શ્રુતિ

આ હું છું, એમ પરમાત્માને જાણીને જ્ઞાની અવિદ્યાદિ સર્વ બંધનોનો વિનાશ કરે છે – શ્રુતિ

પાછળના સામાન્ય વિચાર પ્રકરણમાં બીજી વસ્તુ ભયનું કારણ છે. એમ અમે સિદ્ધ કર્યું છે. આત્મજ્ઞાન થયા પછી 'હું બ્રહ્મ છું.' મારા સિવાય બીજી વસ્તુ જ નથી, એવું જ્ઞાન મનુષ્યને થાય છે. તેથી તેને કોઈ પ્રકારની ભીતિ લાગવાનું કંઈ કારણ નથી. વળી, ભીતી એ મનોધર્મ હોવાથી સૂક્ષ્મ દેહની સાથે તેનો સબંધ છે. 'તે સૂક્ષ્મદેહ હું નથી.' એવું પાકું જ્ઞાન આત્મજ્ઞાનીને હોય છે. તેથી કદાચ ભય ભાસે તોયે તેનો સબંધ પોતાની સાથે બિલકુલ નથી એવી તેને ખાતરી હોય કે બીજી વાત એ છે કે તમામ ભયમાં મરણનો ભય સૌથી મોટો છે. ખરી રીતે આ એક ભયમાં બીજા બધા ભય સમાય જાય છે. 'હું અમર છું.' એવો આત્મજ્ઞાનીનો વિશ્વાસ હોવાથી મરણ ભય સહિત તેના બધા ભય નાશ પામી જાય છે હવે આત્મા સુખરૂપ છે. એમ પાછળ, સિદ્ધ કર્યું છે. 'તે આત્માં હું છું.' એવું જેને જ્ઞાન થઈ ગયુ છે તેને વિષય સુખની ઈચ્છા થતી નથી. વળી, ભોક્તા, ભોગ્ય અને ભોગ આ આખી ત્રિપુટી મિથ્યા છે. એવી તેને ખાતરી

હોવાથી કદાચિત ઈચ્છા ભાસે તોયે તેનો સબંધ પોતાની સાથે નથી એવું તેને જ્ઞાન થતાં જ ઈચ્છાઓ જ્યાંની ત્યાં વિરામ પામે છે. વળી એવો નિયમ છે કે ઈચ્છાના ફળ વિશે આગ્રહ હોય છે તે જ ઈચ્છા દુઃખનું કારણ બને છે. જ્ઞાનીને કદાચ પ્રારબ્ધ યોગે કોઈ ઈચ્છા થાય તો પણ તેના ફળ વિષે તેનો આગ્રહ હોતો નથી. તેથી તેનાથી તે તે દુઃખ થવાનું કારણ નથી એમ સિદ્ધ થાય છે. આથી આત્મજ્ઞાનથી મનુષ્યના બધા ભય અને ઈચ્છાઓ નાશ પામે છે એ સ્પષ્ટ છે.

## સિદ્ધાંત - ૧૬

**બ્રહ્મનું સ્વરૂપ ઈદં વૃતિથી સમજાય છે. (વેધ છે) એમ જેને લાગે છે. તેને બ્રહ્મ સમજાયુ નથી અને બ્રહ્મ સમજાતું નથી. (અવેધ છે) એમ જેને લાગે છે. તેને તે સમજાયું છે.**

यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः ।

अविज्ञातं विसानातां विज्ञात भविजानताम् ॥

જે મહાપુરૂષો પરમેશ્વરનો સાક્ષાત્કાર કરી લે છે તેમનામાં પરમેશ્વરને જાણી લીધાં બદલનું સહેજ પણ અભિમાન રહેતું નથી. અર્થાત્ બ્રહ્મ જેને જ્ઞાત નથી તેને જ્ઞાત છે ને જેને જ્ઞાત છે તે તેને જાણતો નથી. કારણ કે તે જાણનારાઓનો વગર જાણેલો છે ને ન જાણનારાઓનો જાણેલો છે. (કારણ કે અન્ય વસ્તુઓની પેઠે તે દૃશ્ય ન હોવાથી વિષયરૂપી તે જાણી શકાતો નથી.) - **શ્રુતિ**

નિરૂપાધિક બ્રહ્મ જેને કહે છે. તે વાણી, ઈન્દ્રિયો મને કે બુદ્ધિનો વિષય બની શકે નહિ એટલે કે શબ્દથી તેને કહી શકાય નહિ; અને ચક્ષુ વગેરે ઇંન્દ્રિયોને મનને અને બુદ્ધિને તે સમજાય એવું નથી, કારણ કે બ્રહ્મ વસ્તુ અતિ સૂક્ષ્મ અને અપરિછિન્ન એટલે અનંત છે અને જ્ઞાન થવાનાં ઉપરનાં જે શબ્દાદિ સાધનો તે પરિછિન્ન એટલે અંતવાળા છે. તેથી તે સાધનોથી ઘટ્યદાદિ પરિછિન્ન પદાર્થો જ જાણી શકાય છે. પરંતુ બ્રહ્મ વસ્તુ અપરિછિન્ન અને અતિ સૂક્ષ્મ હોવાથી તે પરિછિન્ન જ્ઞાન સાધનોનો વિષય બની શકે નહિ. આ વિષે એવો પ્રશ્ન થઈ શકે કે, બ્રહ્મ જો શબ્દાદિ સાધનોને વેધ (જાણી શકાય તેવું) નથી તો પછી તેનું જ્ઞાન થાય કેવી રીતે? આનું સમાધાન એ છે કે, બ્રહ્મ જ્ઞાન એટલે બ્રહ્મ વિષેના અજ્ઞાનની નિવૃતિ. એવી અજ્ઞાન નિવૃતિ ઉપરોક્ત સાધનોથી વિચારથી સહાયતાથી થઈ શકે છે. તે એ રીતે કે શબ્દાદિ પ્રમાણથી બ્રહ્મ જાણી શકાય એવું નથી - અપરોક્ષ છે એ બ્રહ્મનું જ લક્ષણ છે. અને આવા લક્ષણથી તેને જાણી શકાય છે. તેથી તે અષાડ્મનસગોચર (વાણી અને મનથી ન સમજી શકાય એવું) છે. એમ જે સમજે છે તેને જ તે સમજાયું એમ કહેવું જોઈએ. અને આમ જે જણાતો નથી એટલે તે શબ્દાદિકનો વિષય છે. એવી બુદ્ધિથી જાણ્યું એમ જે કહે છે તેને તે સમજાયું નથી; કારણ કે ઉપરનાં સાધનોથી ઈદં વૃત્તિ દ્વારા જે જાણ્યું તેને આપણે વ્યવહારમાં ‘જાણ્યું’ એમ કહીએ છીએ. પરંતુ બ્રહ્મ એવી રીતે જાણી શકાતું નથી. એવી રીતે જે બ્રહ્મ જાણવું તે બ્રહ્મજ્ઞાન ખરું નથી. (બ્રહ્મજ્ઞાન થવા માટે અહંવૃતિની સહાયતાની જરૂર છે. ત્યાં ઈદંવૃતિનો કોઈ ઉપયોગ નથી. દર્પણની સહાયતાથી જેમ મુખ જાણી શકાય છે તેમ આત્મજ્ઞાન થવામાં અહં વૃત્તિ દર્પણ સ્થાન છે.) આથી વ્યવહારિક દૃષ્ટિએ ઈદંવૃત્તિથી બ્રહ્મનું સ્વરૂપ સમજાય છે. એમ જેને લાગે છે તેને બ્રહ્મ સમજાયું નથી. અને સમજાતું નથી એમ જેને લાગે છે તેને તે સમજાયું છે. એમ કહેવું જોઈએ.

## સિદ્ધાંત - ૧૭

**તત્વજ્ઞાનમાં જે અહંકાર દેખાય છે તે મુખ્ય નથી તે કેવળ ગૌણ છે.**

पृथगाभासा कुटस्थावमुख्यो तत्र तत्ववित् ।

पर्यायेण प्रयुक्तेडहं शब्दं लोके च वैदिके ॥

તત્વજ્ઞં જયારે ચિદાભાસ અને કૂટસ્થ જીવાત્મા વિષે ‘હું’ એવો ભાવ યોજે છે ત્યારે એ ચિદાભાસ અને કૂટસ્થ ગૌણ બને છે. વ્યવહારમાં

અને વૈદિક ભાષામાં તે પર્યાયરૂપે 'અહમ' શબ્દનો પ્રયોગ કરે છે. **પંચદશી, તૃપ્તિદીપ-૧૧**

અહંકારનું મૂળ અજ્ઞાન છે. અજ્ઞાન જ્યાં જ્ઞાનથી નષ્ટ થયું ત્યાં અહંકાર બિલકુલ હોવો જોઈએ નહિ; કારણ કે બ્રહ્મ અસંગ છે. આવા અસંગ બ્રહ્મમાં અહંકાર સંભવતો નથી. 'હુ અસંગ છું' એમ સમજવું તેને જ 'જ્ઞાન' કહે છે. બ્રહ્મવેતા બ્રહ્મ જ બને છે. એવી શ્રુતિ છે તેથી બ્રહ્મભૂત જે જ્ઞાની તેનામાં 'હું અસંગ છું' એવો અહંભાવ કેમ હોય? એવો એક સાપેક્ષ છે. એનું સમાધાન એ છે કે અહંકારના પ્રકાર ત્રણ છે. તેમાનો એક મુખ્ય છે અને બે અમુખ્ય છે. એટલે લાક્ષણિક છે. આને જ ગૌણ કહે છે. ગૌણ અહંકાર એટલે વસ્તુતઃ અહંકાર નહિ હોવા છતાં અહંકાર જાણવો. 'હું' શબ્દનો ઉપયોગ કર્યા વિના વ્યવહાર જ ચાલી શકે નહિ. તેથી વ્યવહાર પૂરતો પણ તે શબ્દનો ઉપયોગ કરવો પડે છે. એમ આ ત્રણે અહંકારનું સ્વરૂપ સ્પષ્ટ કરી બતાવીએ છીએ. કૂટસ્થ આત્મા અને ચિદાભાસ એ બે વચ્ચેનો ભેદ ન સમજાવાથી અજ્ઞાની લોકો જ (અહં) હું શબ્દનો પ્રયોગ કરે છે. તે (અહં) શબ્દ (અહંવૃતિ) મુખ્ય સમજવો અને કૂટસ્થ તથા ચિદાભાસ (જીવ) એ જ બે વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે ઓળખીને તત્વેતા લૌકિક અને પારમાર્થિક વ્યવહારમાં 'હું' શબ્દનો ઉપયોગ વ્યવહાર પૂરતો કરે છે. ત્યારે તેનો અર્થ ગૌણ અથવા અમુખ્ય સમજવો. **દા.ત.** લૌકિક વ્યવહારમાં 'હું કરું છું.', 'હું જમું છું.' એમ જ્યારે આ તત્વવેતા બોલે છે. ત્યારે કૂટસ્થથી ભિન્ન જે ચિદાભાસ તેને ઉદ્દેશીને બોલે છે. તેમ જ પરમાર્થ દૃષ્ટિથી 'હું અસંગ છું.', 'હું ચિદ્રૂપ છું.' એમ જ્યારે તે કહે છે. ત્યારે ફક્ત કૂટસ્થને જ ઉદ્દેશીને બોલે છે. તેથી અજ્ઞાની મનુષ્યોનો જે અહંકાર તે જ માત્ર મુખ્ય નામને યોગ્ય છે. પરંતુ જ્ઞાની પુરૂષોમાં જે અહંકાર જણાય છે તે હોવા છતાં ન હોવા સમાન છે. આથી તત્વજ્ઞાનમાં જે અહંકાર દેખાત છે તે મુખ્ય નથી કેવળ ગૌણ છે.

## સિદ્ધાંત - ૧૭

**જ્ઞાનીને કર્મમાં અકર્મ જણાય છે અને અકર્મમાં કર્મ જણાય છે.**

कर्मण्यकर्म यः पश्येदकर्माणि य कर्मयः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कुत्स्नकर्मकृत् ॥

જે કર્મમાં અકર્મ જુએ છે અને અકર્મમાં કર્મ જુએ છે તે મનુષ્યોમાં બુદ્ધિમાન તે જ યોગી સંપૂર્ણ કર્મનો કરવાવાળો છે. - ભગવદ્ગીતા - ૪.૧૮

કર્મ એટલે તેમાં તમામ લૌકિક અને વૈદિક ક્રિયાઓનો સમાવેશ થાય છે. આ લૌકિક અથવા વૈદિક કર્મ થતાં હોય ત્યારે ''હું (આત્મા) આ કર્મનો સાક્ષી હોવાથી તેનું કર્તુત્વ મારામાં નથી તેથી હું (આત્મા) કર્મ રહિત છું.'' એમ જ્ઞાની સમજે છે તેમજ દેહેન્દ્રિયોના વ્યાપારોનો ઉપરમ થયા પછી અન્યને લાગતી તુષ્ણીસ્થિતિમાં (મૌનપણામાં) પણ કંઈ ક્રિયા ચાલી રહી છે. એ રહસ્ય પણ જ્ઞાનીને જ સમજાય છે.

પ્રત્યક્ષ કર્મ ચાલતું હોવા છતાં તે નથી એમ કહેવું અને કેવળ તૃષ્ણી સ્થિતિમાં કર્મ છે. એમ કહેવું તે અનુભવની વિરુદ્ધ છે. એવી કોઈ શંકા કરશે; તેનું સમાધાન એ છે કે સામાન્ય લોકદષ્ટિએ એવો વિરોધ જણાય તોયે તે વિરોધ નથી. એમ સૂક્ષ્મ વિચાર કરતાં જણાશે પોતે સ્વતઃ અકર્તા હોવા છતાં અન્ય ઈન્દ્રિયોની ક્રિયાથી પોતે કર્તા છે એમ મનુષ્યોને લાગે છે. **દા.ત.** વાદળા દોડતા હોય તો તેની ગતિનો ચંદ્ર પર આરોપ કરીને ચંદ્ર દોડે છે એમ મનુષ્યોને લાગે છે; તેમ જ આગગાડીમાં બેઠો હોય તેને તે ચાલતી હોય ત્યારે બાજુનાં વૃક્ષો દોડતા હોય એમ લાગે છે. તે પ્રમાણે પોતે અક્રિય હોવા છતાં દેહાદિના તાદાત્મ્યથી તેમની ક્રિયાઓનો પોતાના પર કલ્પવાથી 'હું ક્રિયાવાન' એવો અજ્ઞાન મનુષ્યને ભ્રમ થાય છે. પરંતુ બ્રહ્મવેતાની વાત આવી નથી. 'બ્રહ્મ જ હું, દેહાદિ હું નથી.' એવું પાકું જ્ઞાન થયા પછી દેહાદિનાં ચાલતાં કર્મો તે પોતાનાં નથી એમ જ્ઞાનીને લાગે છે. પોતાના જ કર્મમાં તે અકર્મ જુએ છે એમ નથી; કારણ પોતે (આત્મા) અક્રિય હોવાથી તે 'પોતાનાં' એમ કહી જ શકાય નહિ. આથી બ્રહ્મજ્ઞાની પુરૂષને કર્મમાં અકર્મ દેખાય છે. એમ થયું.

(ક્રમશઃ) વધુ આવતા અંકે...

(૧)

**કાળુભાઈ કોશિયા**

શ્રી માધવ ગુરુકુળ, બાકરોલ, વિદ્યાનગર,

તા. ૧-૧-૨૦૨૪

પ્રતિ,

**શ્રી સુમેરૂ ઈન્ફ્રા. સોલ્યુશન**

C/o. શ્રી જયદિપ તાવેથીયા, બી-૧૦, જય આશાપુરી સોસાયટી, ખોડીયાર નગર રોડ, વરાછા, સુરત.

પ્રિય જયદિપ,

આ સંસ્થામાં ૨૦૦૯ થી ૨૦૧૩ દરમ્યાન રહી અભ્યાસ કર્યો હતો. જે દરમ્યાન સંસ્થાના આચાર સંહિતાના ધાર્મિક સંસ્કારોનું જે આપના જીવનમાં સિંચન થયું જે ખરેખર નાની વયમાં થાય એમ નથી. તેમ છતાં પૂ. સદ્‌ગુરુ મહારાજના આર્શિવાદ થકી તમારામાં ધ્રુવની જેમ પરિવર્તન આવ્યું હોય અને ભવિષ્યમાં ઈશ્વરની કૃપા થકી આપ કર્ણની જેમ દાતા તરીકેની નામના મેળવો તેવી આ સંસ્થા સદ્‌ગુરુ મહારાજને અને ઈશ્વરને અભ્યર્થના કરે છે. અભ્યાસ પૂર્ણ કર્યા પછીના ફક્ત પાંચ વર્ષના ગાળા પછી આપે આ સંસ્થાને તા.૨૨-૨-૨૦૧૮ થી રૂ.૩૫૦૦૦/- જેવી જે તે સમયમાં માતબર રકમ આપી સંસ્થાના ઋણમાંથી મુક્ત થવાનો પ્રયાસ કર્યો હતો.

ત્યારબાદ ૨૦૧૯ માં પણ ૩૫૦૦૦/- જેવી રકમ આ સંસ્થાને દાનમાં આપી સંસ્થાની પ્રગતિમાં સહભાગી થવાનો પ્રયત્ન કરેલ છે. જે તે સમયે આપે સંસ્થાને વચન આપેલ હતું કે હું આજીવન એક વિદ્યાર્થીની ફી ભરી સંસ્થાને અને સમાજના આર્થિક નબળા મા-બાપ વના બાળકોને ભણાવી સમાજમાં અમારી જેમ માન-મોભા અને મર્તબા સાથે જીવન જીવે તેવી આશા રાખેલ, અને જે મુજબ આપે આજે તા. ૨૯-૧૨-૨૦૨૩ના રોજ ૨૦૨૦ થી ૨૦૨૩ સુધીના ૪ વર્ષની ફી રૂ. ૧,૬૦,૦૦૦,/- (રૂા. ૪૦૦૦૦/-) લેખે NEFT દ્વારા આ સંસ્થાના ખાતામાં જમા કરાવેલ છે. જેની પહોંચ નંબર ૪૪૮ તા.૨૯-૧૨-૨૦૨૩ની આ સાથે સામેલ રાખેલ છે.

આ સંસ્થા અને ટ્રસ્ટી મંડળ આપનો અંતઃ-કરણપૂર્વક આભાર માને છે. આપના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે અને હિમાલયના માઉન્ટ એવરેસ્ટની જેમ સમાજમાં ધાર્મિક સંસ્કારો સાથે ઉચ્ચ સ્થાને બિરાજમાન થાઓ તેવી ઈશ્વરને પ્રાર્થના.

જય સચ્ચિદાનંદ

(૨)

પ્રિય જયદીપ

આપના તરફથી મોકલાવેલ રૂા ૩૫,૦૦૦ (પાત્રીસ હજાર) પુરાનો ચેક આ સંસ્થા ને મળેલ છે. જે બદલ ખૂબ ખૂબ આભાર. તેમજ આ સાથે પહોચ નં. ૨૬૯ તા. ૨૩.૦૨.૨૦૧૮ ની સામેલ રાખેલ છે.

પ.પૂ. પ્રાતઃ સ્મરણીય સદ્‌ગુરૂ સ્વામીશ્રી અખંડાનંદ સાગર મહારાજ દ્વારા આદ્યજગદગુરૂ શંકરાચાર્ય પરંપરામાં સ્થાપીત સચ્ચિદાનંદ સનાતન ધર્મની ગુરૂ-શિષ્ય પરંપરાની નિર્ગુણ નિરાકાર અમર જયોતને આજના વિલાસી જમાનામાં ગુમરાહ થનાર વિધાર્થીને ''શ્રી માધવ ગુરૂકુળ માં'' વિદ્યાભ્યાસ સાથે સતકર્મ અને કર્તવ્યની કેડી ઉપર ધર્મ પરાયણ રાખવા સ્થાપના કરી. આ સંસ્થામાં કોઈપણ નાત-જાતના ભેદભાવ રાખ્યા વગર કોઈ પણ જ્ઞાતી/ધર્મના વિદ્યાર્થીને ગુરૂકુળમાં પ્રવેશ આપવામાં આવે છે. અને જેના કારણે જ આપને આ ગુરૂકુળમાં પ્રવેશ મળેલ હશે.

હાલના માધવપીઠાધીશ્વર પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ, વેદાન્તાચાર્ય, દ્વારા સમાજના અજ્ઞાનરૂપી ઘોર અંધકારમાં અથડાતા માનવ જીવોના કલ્યાણાર્થે તથા સનાતન વૈદિકધર્મ દ્વારા પ્રજાનુ ઉત્થાન અને આત્મ દર્શન દ્વારા જન્મ- મરણના ફેરામાંથી મુકત કરાવવાનો અથાગ પ્રયત્ન-પ્રયાસ કરી રહયા છે.

આ સંસ્થાનો હેતુ આજના યુગમાં વિદ્યાર્થીમાં ધાર્મિક શુભ સંસ્કારોનુ સિંચન, ચારિત્રનુ ઘડતર,

ધર્મના સમન્વયયુકત શિક્ષણ, સદાચારી , પરોપકારી અને સંયમી જીવન દ્વારા વ્યવહાર માર્ગ અને મોક્ષમાર્ગ સુધારી સમાજને ઉપયોગી બને તેમજ યોગ્ય અને શાંત વાતાવરણ દ્વારા ઉજજવળ અભ્યાસકીય કારકીર્દિનું નિર્માણ કરી પોતે (વિદ્યાર્થી) દેશ સેવા, સમાજ સેવા, કુટુંબસેવા કરી સમાજમાં માનસન્માન અને મર્તબા અને મોભા સાથે જીવી શકે તેમજ આપના જેવા દાતાઓના દાન થકી આ સંસ્થા આર્થિક રીતે પછાત વાલીઓના બાળકોને કોઈપણ જાતના ભેદભાવ રાખ્યા વગર ગુરૂકુળમાં ફી લીધા વગર મદદ રૂપ થાય છે. અત્યાર સુધીમાં ૫૦ (પચાસ ) બાળકોને ભણાવેલ છે.

આ સંસ્થાનો જે હેતુ છે તે આપના હદયમાં પ્રવેશી ચૂકયો છે. જે આપના વિચારો ઉપરથી ફલીત થાય છે. આ સંસ્થા તમામ વિદ્યાર્થીના હદયમાં ઉતારવાના અથાગ પ્રયત્નો કરે છે અને કરી રહી છે. આ સંસ્થા દરેક વિદ્યાર્થીને ધાર્મિક આચરણ યુક્ત જીવનશૈલી શિખવાડવા માગે છે. જેથી સમાજમાં અનર્થો અટકે અને સમાજના ઉત્થાનમાં સહભાગી થાય.

વધુમાં આપ આપના જીવનમાં ઉતરોઉત્તર પ્રગતી કરતા રહો અને સંસ્થા દેશ સમાજ કુટુંબને મદદરૂપ થાવ તેવી આ સંસ્થા સદ્‌ગુરૂ મહારાજશ્રીને પ્રાર્થના કરે છે. તેમજ આજીવન આપના જીવનમાં સંયમ-શિસ્ત, અધ્યાત્મિકતા, તંદુરસ્ત આરોગ્ય, નિરવ્યસની, ધાર્મિકભાવના, પરોપકારી, ધાર્મિક સંસ્થા પ્રત્યે સદભાવના અને દાનવૃત્તિની ભાવના વધે તેવી અભ્યર્થના સાથે. જય સચ્ચિદાનંદ

(૩)

હુ જયદીપ આર. તાવેથીયા (સુરત) વર્ષ ૨૦૦૯-૨૦૧૩ દરમ્યાન સિવિલ એન્જીનીયરીંગ , બિરલા વિશ્વકર્મા વિધાલય માં અભ્યાસ કર્યો હતો અમારી કોલેજ ગુજરાત માં શ્રેષ્ઠ છે. તો મારા માતા પિતાને મારા ખોરાક અને હોસ્ટેલની. ચિંતા રહેતી. અને મને માધવ ગુરૂકુળમાં એડમીશન મળ્યુ. તમે અને શ્રી માધવ ગુરૂકુળ બંને એ અમારા અભ્યાસ, સ્વાસ્થ્ય, ખોરાક, સુખ-શાંતિ વિશે દરેક દિવસે સંભાળ રાખી હતી.

મને તે સમયે આશ્ચર્ય થતુ કે કોઈ આટલી ઓછી ફી માં કઈ રીતે અમને નિવાસસ્થાન, ખોરાક, લાયબ્રેરીની સુવિધા તથા ત્રણ વખતનો તંદુરસ્ત ખોરાક સાથે અત્યંત સ્વચ્છ વાતાવરણ આપી શકે અને હુ ત્યાં ૩ વર્ષ રહ્યો અને દરરોજ તમને આ બધી વસ્તુની સંભાળ રાખતા જોયા અને તે પણ ફકત અમારા માટે. તેમાની ઘણી બધી વસ્તુઓ અમે યાદ રાખી જીંદગીના એક ભાગ તરીકે તમે અમને ઘણી બધી વાર ખીજાયા પણ હતા અને તેમાંથી જ અમે સ્વશિસ્તમાં રહેતા શીખ્યા. જે આજે પણ અમારી જીંદગીમાં મદદ કરે છે. હુ તમારો અને શ્રી માધવ ગુરૂકુળનો ખુબ જ આભારી છુ કે માતા-પિતાની જેમ જ અમારી સંભાળ રાખી તમે અમારા જીવનમાં સારા લક્ષણો જેવા કે સ્વંય-શિસ્ત અધ્યાત્મિકતા વગેરે રેડયા છે જે ખુબ જ જરૂરી હોય છે.


તમારી સાર સંભાળ અને સ્વામીજીના આર્શિવાદથી અમે ખૂબ જ સારી રીતે અભ્યાસ કર્યો અને આજે એવા સ્થાન પર પહોચી ગયા કે જયાં અમે સ્થાયી અને સલામત બની ગયા છીએ. ટ્રસ્ટ અને હોસ્ટેલની સેવા માટે તમારી સ્વીકારેલી જવાબદારી મારા હદયને સ્પર્શી ગઈ છે અને શ્રી માધવ ગુરૂકુળ માટે કંઈક કરવા માટે પ્રેરણા આપે છે. ''સ્વામી શ્રી અખંડાનંદ સાગર ચેરીટેબલ ટ્રસ્ટ'' ને આ ટોકન સાથે સેવા મોકલી આપવા બદલ હં ખુબ ખુશી અનુભવુ છું. હું તમારો / શ્રી માધવ ગુરૂકુળનો સ્ટાફ, ટ્રસ્ટ તથા જેણે તે સમયગાળામાં મારા જીવનમાં મહત્વની ભૂમિકા ભજવી છે તેઓનો ખુબ અભારી છું.

**લી. જયદીપ તાવેથીયા**-સુરત, મો.૫૭૭૪૮૬૬૦૫૨

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ પીપરીયા, તા. બરવાળા સ્વ. પ્રાગજીભાઈ હરજીભાઈ દિહોરા (ઉ.વ.૬૭) સંવત ૨૦૮૦ માગશર વદ-૨ ને ગુરૂવાર તા.૨૮-૧૨-૨૦૨૩ ના રોજ માધવ શરણ પામેલ છે.**

**શ્રી સદ્‌ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**



## પ.પૂ. શાસ્ત્રી શ્રી સુરેશ્વરાનંદસાગરજી મહારાજનો કાર્યક્રમ

## ઓજરાળા ગામના આંગણે શિવ મહાપુરાણ કથા

**વક્તા : પરમ પૂજ્ય શાસ્ત્રીશ્રી સુરેશ્વરાનંદસાગરજી મહારાજ**

કથા પ્રારંભ : સંવત ૨૦૮૦ ફાગણ સુદ - ૫ ને ગુરુવાર તા. ૧૪-૦૩-૨૦૨૪

કથા પૂર્ણાહુતિ : સંવત ૨૦૮૦ ફાગણ વદ સુદ - ૧૩ શુક્રવાર તા.૨૨-૦૩-૨૦૨૪

કથાનો સમય : સવારે ૯:૦૦ થી ૧૧:૩૦ બપોર પછી ૩:૦૦ થી ૫:૦૦

**આયોજક** : શ્રી શિવ શક્તિ ભજન મંડળ - ઓઝરાળા,

કથા સ્થળ : મુ. ઓઝરાળા, તા.ઠાસરા, જિ. ખેડા.

---

## પિતૃઓના મોક્ષાર્થે શ્રી મદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ - હરદ્વાર

**વક્તા : પરમ પૂજ્ય શાસ્ત્રી સ્વામીશ્રી સુરેશ્વરાનંદસાગરજી મહારાજ**

કથા પ્રારંભ : સંવત ૨૦૮૦ ચૈત્ર વદ અમાસ ને બુધવાર તા. ૮-૦૫-૨૦૨૪

કથાનો સમય : સવારે ૮:૩૦ થી ૧૨:૩૦

કૃષ્ણ જન્મોત્સવ : સંવત ૨૦૮૦ વૈશાખ સુદ - ૫ રવિવાર તા. ૧૨-૦૫-૨૦૨૪

કથા પૂર્ણાહુતિ : સંવત ૨૦૮૦ વૈશાખ સુદ - ૭ મંગળવાર તા.૧૪-૦૫-૨૦૨૪

**ખાસ નોંધ : જેને હરિદ્વાર કથામાં જવું હોય તેને ટ્રેનની ટિકીટ બુક કરાવવા માટે આટલો આગળથી પ્રોગ્રામ જાહેર કરવામાં આવેલ છે.**

**યાત્રા પ્રસ્થાન** : તા.૦૬-૦૫-૨૦૨૪ ભાવનગર થી રાત્રે ૭ કલાકે હરદ્વાર ટ્રેનમાં જવાનું રહેશે.


**પરત યાત્રા** : તા.૧૫-૦૫-૨૦૨૪ સવારે ૪ કલાકે હરદ્વાર થી ભાવનગર ટ્રેન દ્વારા.

નિમંત્રક : શ્રી મોહનભાઈ માવજીભાઈ ડાંખરા તથા શ્રી ઈશ્વરભાઈ માવજીભાઈ ડાંખરા
ગામ : સીદસર, તા. જિ. ભાવનગર.

કથાસ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, જગજીતપુર, દક્ષેશ્વર રોડ, કનખલ, હરદ્વાર, ઉતરાચલ. મો. ૯૪૧૧૫ ૦૧૬૮૨

સંપર્ક : ૯૮૨૫૫ ૦૫૧૫૭ (મોહનભાઈ), ૯૮૯૮૩ ૬૨૬૬૧ (શૈલેષભાઈ ભાયાણી - ગામ : મઢડા)


---



## પરમ પૂજ્ય બ્રહ્મચારી શ્રી જયાનંદજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

- તા. ૫-૨-૨૦૨૪ થી ૯-૨-૨૦૦૨૪ - જોરાવર નગર
- તા. ૧૦-૨-૨૦૨૪ થી ૧૨-૨-૨૦૨૪ - ઊંચડી
- તા. ૧૩-૨-૨૦૨૪ થી ૧૫-૨-૨૦૨૪ - આકરૂ
- તા. ૧૬-૨-૨૦૨૪ - સુઘડ
- તા. ૧૮-૨-૨૦૨૪ - બપોર પછી ઈસનપુર
- તા. ૨૨-૨-૨૦૨૪ - સુઘડ. ત્યારબાદ પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની સંગાથે રહેશે.

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- તા. ૫-૨-૨૦૨૪ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી આત્માનંદજી મહારાજશ્રીનો ૮૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૮૦ પોષ વદ-૧૦ ને સોમવાર તા.૫-૨-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.
  ઉત્સવ સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, મુ. લીંબાસી, તા. માતર, જી. ખેડા.
  તીથીના સૌજન્ય : શ્રી હસમુખભાઈ અંબાલાલભાઈ જેઠાભાઈ પટેલ

- ૫-૨-૨૦૨૪ લીંબાસી થી બપોર પછી ચાણોદ પધારશે.
- ૧૦-૨-૨૦૨૪ આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ સુઘડ પધારશે.
- ૧૨-૨-૨૦૨૪ વડાવી પધારશે.
- ૧૪-૨-૨૦૨૪ કડી પધારશે.
- ૧૬-૨-૨૦૨૪ વામજ ભીક્ષા કરી બપોર પછી સુઘડ પધારશે.
- ૧૮-૨-૨૦૨૪ ભુવાલડી.પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી નાગેશ્વરાનંદજી મહારાજશ્રીનો ૧૦૨ મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૮૦ મહા સુદ-૯ ને રવિવાર તા.૧૮-૨-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ભુવાલડી ગામમાં ધામધૂમથી ઉજવાશે. નિમંત્રક : શ્રી નાગેશ્વરાનંદ સેવક મંડળ. શ્રી માધવાનંદ આશ્રમ, ગામ ભુવાલડી, તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ. મો. ૯૯૨૫૫ ૦૪૯૯૯
- ૨૪-૨-૨૦૨૪ સુઘડ પધારશે. પૂનમ
- ૨૫-૨-૨૦૨૪ સુઘડ-રવિવાર પૂનમ ઉત્સવ પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજીશ્રીની અધ્યક્ષતામાં ઉજવાશે.
- ૨૭-૨-૨૦૨૪ આકરૂ પધારશે.
- ૦૪-૩-૨૦૨૪ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજશ્રીનો ૭૯ મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૮૦ મહા વદ-૮ ને સોમવાર તા.૪-૩-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં આકરૂ ધામમાં ઉજવાશે. આયોજક : સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ - આકરૂ, તા. ધંધુકા, જિ. અમદાવાદ
- ૦૪-૩-૨૦૨૪ બપોર પછી ભીંગરાડ પધારશે.
- ૦૯-૩-૨૦૨૪ ચમારડી પધારશે.
- ૧૨-૩-૨૦૨૪ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીનો ૪૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૮૦ ફાગણ સુદ-૨ ને મંગળવાર તા.૧૨-૩-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ચમારડી ગામમાં ધામધૂમથી ઉજવાશે.
  તીથીના સૌજન્ય : શ્રી રમેશભાઈ ગણેશભાઈ સુતરીયા - મો. ૯૮૨૫૫ ૫૨૫૭૦
  ઉત્સવ સ્થળ : મુ. ચમારડી, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર











પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીના ૧૪૩ મો નિર્વાણ જયંતિ મહોત્સવ માગશર વદ-૭ ને બુધવારના રોજ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતા તેમજ મહામંડલેશ્વર વૃંદ-સંતો મહંતો તેમજ માધવ પરિવારના સેવકસમુદાયની હાજરીમાં પીપરીયા ગામે ધામધૂમથી ઉજવાયો હતો.

સૌજન્ય

## શ્રીમતિ ગૌરીબેન ગણેશભાઈ મોણપરા

ગામ : નવાનાવડા

Printed Book

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2022
POSTRAL REGI. NO. SRT-771/2020-22
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH



**નર્મદા મૈયાની ગોદમાં એવા ચાણોદ ધામમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ તા. ૫-૧-૨૦૨૪ થી તા. ૧૧-૧-૨૦૨૪ સુધી પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીના મુખારવિંદથી કથાનું અમૃત રસપાન કરાવ્યું હતું.**

**BOOK POST**

If Not Delivered Please Return To :-

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

પૃષ્ઠ ૨૦ + ૪ = ૨૪

Published by Swami Shri Jagdishanand Sagarji Maharaj on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1 Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published.from Sachchidanand.Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Laxmanbhai Jerambhai Sonani.

Price per Copy Rs. 50/-